દિવ્ય ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ
Tours & Travels
શશીકાંત કે. પાઠક
શાસ્ત્રીજી દ્વારા સંચાલિત
(૩૫ વર્ષના અનુભવી)
શ્રી ઉત્તરાખંડ ચારધામ યાત્રા,
સ્પેશિયાલીસ્ટ મુંબઈ થી મુંબઈનો
પ્રવાસ ચોપતા સાથે
શ્રી કૈલાશ માનસરોવર યાત્રા
આધ્યાત્મિકતા સાથે આધુનિકતાનો સમન્વય
Contact : 022-28284591
9869135999 / 9819304112
www.divyatourstravels.in

MNE/413/2019-21

# વોઈસ ઓફ ઘાટકોપર

Office : A-1, Basement, Satyam Shopping Centre, M.G.Road, Ghatkopar(East), Mumbai - 400 077. ☎ : 022-40229684

Get Your Visa with Best Rate
• Australia • Singapore • USA • UK
• New Zealand • Malasia • Sri Lanka
• Thailand • Vietnam • Turkey
• South Africa • Combodia • Dubai
• Canada • All Europe Countries
Sanskruti Vacations
Add.: 1/5, Maheshwar Nagar, Opp.Sindhu Baug, Tilak Road, Ghatkopar(East), Mumbai - 77.
Tel.: 022-21027107 / 21027878
Mobile : 9769880881 / 7977527874

વર્ષ : 12 ● અંક : 48 ● સળંગ અંક : 485 ● મુંબઈ ● શુક્રવાર ● તા.03 – 09 જાન્યુઆરી 2020 ● પાના : 16 ● કિંમત રૂા.4

# ફોર્ટિસ હોસ્પિટલ, મુલુંડના ડોક્ટરોએ અંબરનાથના ૧૧ વર્ષીય બાળકનો કપાયેલો હાથ સફળતાપૂર્વક પાછો જોડ્યો

## (ઓર્થોપેડિક સર્જ્યનો, ઈમર્જન્સી મેડિકલ એક્સપર્ટ્સ, તેમ જ પ્લાસ્ટિક અને વેસીક્યુલાર સર્જ્યનોની મલ્ટી-ડીસીપ્લીનરી ટીમે એક પછી એક સંપૂર્ણ ક્રમબદ્ધતાથી કાર્ય કરીને આ શસ્ત્રક્રિયા પાર પાડી)

ફોર્ટિસ હોસ્પિટલ, મુલુંડની મલ્ટી-ડીસીપ્લીનરી ટીમના નિષ્ણાત ડોક્ટરોએ એક પછી એક સંપૂર્ણ ક્રમબધ્ધતાથી કાર્ય કરીને એક ૧૧ વર્ષના બાળકનો કોણી પાસેથી સંપૂર્ણ કપાઈ ગયેલો હાથ પાછો જોડવાની શસ્ત્રક્રિયા સફળતાપૂર્વક પાર પડી હતી. અંબરનાથમાં પોતાના માતાપિતા રહેતો અને ૬ઠ્ઠા ધોરણમાં અભ્યાસ કરતો અબ્દુલ અસદ અઝાઝુદ્દીન ખાન તેના મિત્રો સાથે રમવા જઈ રહ્યો હતો ત્યારે તેની ચીસો સંભાળીને તેની માતા અને પાડોશીઓ દોડીને તેની પાસે પહોંચ્યા ત્યારે જોયું કે લીફ્ટમાં તેનો હાથ ફસાઈ જતાં કોણીની ઉપરથી છૂટો પડી ગયો હતો! કુટુંબીજનો તેને તરત સ્થાનિક હોસ્પિટલમાં લઇ ગયા જ્યાં તેને તાકીદની સારવાર આપી તેના જખમનું ડ્રેસિંગ કરવામાં આવ્યું. કપાયેલો હાથ આઈસબોક્ષમાં રાખી તેને પાછો જોડવાની શસ્ત્રક્રિયા માટે તેને બનતી ત્વરાએ મુલુંડની ફોર્ટિસ હોસ્પિટલમાં લઇ આવવામાં આવ્યો.

ફોર્ટિસ હોસ્પિટલ, મુલુંડમાં આ બાળકની સારવાર કરનાર ટીમના ડોકટરો હતા ઓર્થોપેડિક સર્જરીના સીનિઅર કન્સલ્ટન્ટ ડો. સચિન ભોંસલે, પ્લાસ્ટિક,કોસ્મેટીક અને રી-કન્સ્ટ્રકટીવ સર્જરીના કન્સલ્ટન્ટ ડો. સીતારામ પ્રસાદ, રી-કન્સ્ટ્રકટીવ સર્જરીના કન્સલ્ટન્ટ ડો. સુનરાજ બંગેરા અને ઇમર્જન્સી મેડીસીનના એચઓડી ડો. સંદીપ ગોરે. અબ્દુલને સૌ પ્રથમ ઇમર્જન્સી ડીપાર્ટમેન્ટમાં ડો. સંદીપ ગોરેએ તપાસ્યો હતો. આ પડકારજનક શસ્ત્રક્રિયા પાર પાડનાર ડો. સચિન ભોંસલે અને ડો. સીતારામ પ્રસાદ આ સારવારમાં જોડાયા હતા. 30 મિનીટથી પણ ઓછા સમયમાં આ બાળકને ઓપરેશન થીયેટરમાં લઇ તેને એનેસ્થેસિયા આપવામાં આવ્યું હતું. ડો.ભોંસલેએ કપાયેલા હાથને ડીબ્રીડિડ કરી તેને પાછો જોડવા તૈયારી કરી હતી. હાથની રક્તવાહિનીઓ અને જ્ઞાનતંતુઓ છુટા પાડવામાં આવી રહ્યા હતા તે દરમ્યાન ડો. ભોંસલેએ ફેસીઓટોમી અને કાર્પેલ ટનલ ડીકોમ્પ્રેશનની પ્રક્રિયા પાર પાડી હતી. ત્યાર બાદ પ્લેટ અને સ્ક્રુઝનો ઉપયોગ કરીને કપાયેલા હાથને પાછો જોડવામાં આવ્યો હતો અને કપાયેલા ભાગમાં લોહીનું ભ્રમણ પાછું શરૂ થાય તે માટેની સારવાર શરૂ કરવામાં આવી હતી. ડો. વિનોદ વીજએ રક્તવાહિનીઓ અને જ્ઞાનતંતુઓના અનેસ્ટોમોસીસની પ્રક્રિયામાં સહાય કરી હતી. ૬ કલાકની શસ્ત્રક્રિયા પછી હાથમાં લોહીનું ભ્રમણ ફરી શરૂ થયું હતું અને પેશન્ટને બાળકો માટેના ખાસ પિડીઆટ્રિક ઈન્ટેન્સીવ કેર યુનિટ (PICU)માં શિફ્ટ કરવામાં આવ્યો હતો. સર્જરી પછી કોઈ કોમ્પલીકિશન કે ઈન્ફેકશન થયું ન હતું.



આ કેસ અંગે વાત કરતાં ફોર્ટિસ હોસ્પિટલ,મુલુંડના ઓર્થોપેડિક સર્જરીના સીનિઅર કન્સલ્ટન્ટ ડો. સચિન ભોંસલેએ જણાવ્યું હતું કે, હું ઈમર્જન્સી ટીમને 30 મીનીટની અંદર ઓપરેશન થીયેટરમાં શિફ્ટ કરવા જે નિપુણતા દાખવી તે બદલ અભિનંદન આપું છું. અબ્દુલના હાથને બચાવવા માટે તે ખૂબ અગત્યનું હતું. એનેસથીસ્ટોએ રેપીડ સિકવન્સ ઈનટ્યુબેશન કર્યું જે આવી ઈમર્જન્સીની વેળાએ, જેમાં દર્દીએ એનેસ્થેસિયા પહેલાં ઉપવાસ કર્યો ન હોય ત્યારે ખૂબ જરૂરી હોય છે.અમારા યંગ પેશન્ટએ પણ સારવારને સારો પ્રતિસાદ આપ્યો અને હાથને પુન:સ્થાપિત કરવાની શસ્ત્રક્રિયા સફળ થઈ. ફોલો-અપ અને ઓપરેશન પછીની સંભાળ અંગેની માહિતી દર્દીના માતાપિતાને આપવામાં આવી છે. અમને આશા છે કે આ કેસના ઉદાહરણથી ઈમર્જન્સી સારવાર (ઈન્ટરવેન્શન)ની અગત્યતા સમજાય અને આ પ્રકારની કેઝ્યુલ્ટી વખતે ઝડપથી સારવાર શરૂ કરવામાં આવે. હવે પોતાના ઘરે ગયેલો અબ્દુલ થોડા અઠવાડિયામાં જ પાછો સ્કૂલમાં જવા લાગે એવી અમે આશા રાખીએ છીએ.

આ શસ્ત્રક્રિયા વિષે વાત કરતાં મુલુંડની ફોર્ટિસ હોસ્પિટલના કોસ્મેટીક અને રી-કન્સ્ટ્રકટીવ સર્જરીના કન્સલ્ટન્ટ ડો. સીતારામ પ્રસાદ જણાવે છે કે, આ બાળકને કોણીની ઉપરથી સંપૂર્ણ કપાયેલા હાથ સાથે અમારી પાસે લાવવામાં આવ્યો હતો. ઝડપી અને સ્પેસિઅલાઈઝ્ડ સારવારથી અમે શસ્ત્રક્રિયા દ્વારા એ હાથને પાછો જોડી શક્યા હતા. હાથ કપાવાની અને તેને પુન:સ્થાપિત કરવાની વચ્ચેનો સમયગાળો જેટલો વધુ, તેટલી જ કોમ્પ્લીકિશન થવાની શક્યતા વધુ હોય છે. આવા કેસમાં ઈમર્જન્સી મેડિકલ સહાય, પેશન્ટને બનતી ત્વરાએ હોસ્પિટલમાં લાવી ઓ.ટી.માં શિફ્ટ કરી અને સારવાર શરૂ કરાવી એ ખૂબ જ અગત્યનું અને જરૂરી છે.

અબ્દુલને હોસ્પિટલમાંથી ડીસ્ચાર્જ લેતી વેળાએ તેની માતા શાજુનીસ્સા ખાનએ કહ્યું કે, અમે મુલુંડની ફોર્ટિસ હોસ્પિટલના ડોકટરોનો અમારા બાળકની ઝડપી સારવાર કરવા બદ્દલ આભાર માનીએ છીએ. એક માતા માટે તેના બાળકને આવી પીડામાં જોવું અસહ્ય હતું. અમે આ ઘટનામાંથી મોટી શીખ લીધી છે અને અમે દરેક માતાપિતાને વિનંતી કરીએ છીએ કે તેઓ પોતાના બાળકો સાથે રહેઠાણ અને રમતગમતના સ્થળે સલામતી અંગે ચર્ચા કરે.

મુલુંડની ફોર્ટિસ હોસ્પિટલના ડોક્ટરોની ટીમ સૌને ભારપૂર્વક જણાવવા માગે છે કે હંમેશા શરીરના કપાયેલા ભાગને પ્લાસ્ટીકની થેલીમાં રાખીને પછી બરફમાં રાખવો. કપાયેલા ભાગનો બરફ સાથેનો સીધો સંપર્ક ટાળવો. થોડા મહિના પછી આ બાળકના હાથની કાર્યશક્તિ ચોક્કસ પાછી આવી જશે. બાળક મોટું થયા બાદ ઘણી વખત જ્ઞાનતંતુઓનું આરોપણ (નર્વ ગ્રાફ્ટિંગ), ટેન્ડન ટ્રાન્સફર, જોઈન્ટ મોબીલાઈઝેશન અને લીમ્બ લેન્ગ્થનીંગ જેવી સર્જરીની જરૂર પડતી હોય છે.

Organisation Accredited by Joint Commission International
Mumbai and Banglore

Mulund-Goregaon Link Road,
Mulund (W), Mumbai - 400 078.
Tel.: 022 4365 4365

Fortis

Somaiya TRUST

ॐ

## ક. જે. સોમૈયા ટ્રસ્ટ, સોમૈયા સંસ્કૃતિ વિહાર

અને

# સોમૈયા વિદ્યાવિહાર દ્વારા આયોજિત ૩૧ મો જ્ઞાનયજ્ઞ

Knowledge Alone Liberates — Somaiya Vidyavihar

**તા. ૧.૧.૨૦૨૦, બુધવાર થી તા ૩૧.૧.૨૦૨૦, શુક્રવાર • સ્થળ : સોમૈયા વિદ્યાવિહાર પ્રાંગણ**

### સવારનું સત્ર : ૭.૦૦ થી ૮.૦૦ કલાક

| | | |
|---|---|---|
| બુધવાર, તા. ૧.૧.૨૦૨૦ થી મંગળવાર, તા. ૭.૧.૨૦૨૦ | પ.પૂ. સ્વામી અવધૂતાનંદજી | ભજ ગોવિન્દમ્ |
| બુધવાર, તા. ૮.૧.૨૦૨૦ | પ.પૂ. સ્વામી આશિષ વ્યાસ | ભરોસો એક શક્તિ |
| ગુરુવાર, તા. ૯.૧.૨૦૨૦ થી શુક્રવાર, તા. ૧૦.૧.૨૦૨૦ | પ.પૂ. આત્મદિક્ષિતા સરસ્વતી | નમન ગુરુ પરંપરાને |
| શનિવાર, તા. ૧૧.૧.૨૦૨૦ | પ.પૂ. વિજુબેન રાજાણી | માં બેખબર છે |
| રવિવાર, તા. ૧૨.૧.૨૦૨૦ | | પિતા મૌન છે |
| સોમવાર, તા. ૧૩.૧.૨૦૨૦ | | પુત્ર તોફાની છે |
| મંગળવાર, તા. ૧૪.૧.૨૦૨૦ | | પુત્રી અભણ છે |
| બુધવાર, તા. ૧૫.૧.૨૦૨૦ | બ્રહ્મકુમારી - બહેન નલિની દીદીજી | સુખ શાંતિની માતા - સહનશક્તિ |
| ગુરુવાર, તા. ૧૬.૧.૨૦૨૦ | બ્રહ્મકુમારી - બહેન પ્રમિલા | કર્મ વિકર્મનું પરિભાષા |
| શુક્રવાર, તા. ૧૭.૧.૨૦૨૦ | બ્રહ્મકુમાર ડૉ. વિજય ખત્રી | સ્વસ્થિતિથી પરિસ્થિતિ પર વિજય |
| શનિવાર, તા. ૧૮.૧.૨૦૨૦ થી શનિવાર, તા. ૨૫.૧.૨૦૨૦ | સ્વામીની તન્મયાનંદજી સરસ્વતીજી | ઉપદેશસાર |
| સોમવાર, તા. ૨૭.૧.૨૦૨૦ થી શુક્રવાર, તા. ૩૧.૧.૨૦૨૦ | સ્વામી તદ્રુપાનંદજી | પ્રવચન |

**કચ્છી લોહાણા**
**-: શ્રી વય : શ્રેષ્ઠી સંમેલન :-**
**નોંધ : રવિવાર, તા. ૨૬.૧.૨૦૨૦ ના દિવસે સમય સવારના ૧૦.૦૦ થી બપોરે ૨.૦૦ કલાક**

### સવારનું બીજું સત્ર : ૮.૧૫ થી ૯.૧૫ કલાક

| | | |
|---|---|---|
| બુધવાર, તા. ૧.૧.૨૦૨૦ થી | ડૉ. મયુર રેવાડકર અને | પચાસ પછી તંદુરસ્ત જીવવાનો સચોટ |
| ગુરુવાર, તા. ૨.૧.૨૦૨૦ | ડૉ. રિધ્ધી ગોરડિયા | ઉપાય : ફિઝીયોથેરપી |
| શુક્રવાર, તા. ૩.૧.૨૦૨૦ | ડૉ. એસ. પી. જૈન | મેરી ભાવના |
| શનિવાર, તા. ૪.૧.૨૦૨૦ | ડૉ. પ્રસાદ ભિડે | ભગવદ્‌ગીતા : તણાવમુક્તિના ઉપાય |
| રવિવાર, તા. ૫.૧.૨૦૨૦ | ડૉ. એસ. પી. જૈન | ૧૨ ભાવના |
| સોમવાર, તા. ૬.૧.૨૦૨૦ થી મંગળવાર, તા. ૭.૧.૨૦૨૦ | થી સ્વામી આશિષભાઈ વ્યાસ | ભરોસો એજ ભક્તિ |
| બુધવાર, તા. ૮.૧.૨૦૨૦ | બ્રહ્મકુમારી બહેન સપના | બધા રોગોની દવા - ગીતા મહામંત્ર |
| ગુરુવાર, તા. ૯.૧.૨૦૨૦ | બ્રહ્મકુમાર ડૉ. વિજય ખત્રી | મૌનની શક્તિનો ચમત્કાર |
| શુક્રવાર, તા. ૧૦.૧.૨૦૨૦ | બ્રહ્મકુમારી બહેન પ્રમિલા | સ્વપવિત્રવર્તનથી વિશ્વ પરિવર્તન |
| શનિવાર, તા. ૧૧.૧.૨૦૨૦ થી | સ્વામી વિઠ્ઠલ | સત્‌ગુરુ શરણમ્ ગચ્છામિ |
| રવિવાર, તા. ૧૨.૧.૨૦૨૦ | | મોજમાં રહો અને ખુશી વ્હેંચો |
| સોમવાર, તા. ૧૩.૧.૨૦૨૦ થી | ડૉ. પ્રકાશ સોની | રોજની દિનચર્યામાં યોગ |
| મંગળવાર, તા. ૧૪.૧.૨૦૨૦ | | હાથની મુદ્રાઓ દ્વારા રોગોની સારવાર |
| બુધવાર, તા. ૧૫.૧.૨૦૨૦ થી | ડૉ. નટવર જોશી | ઈશ ઉપનિષદ |
| ગુરુવાર, તા. ૧૬.૧.૨૦૨૦ | | કઠ ઉપનિષદ |
| શુક્રવાર, તા. ૧૭.૧.૨૦૨૦ થી | શ્રી સુધીર દવે | પ્રાણ વિદ્યા |
| શનિવાર, તા. ૧૮.૧.૨૦૨૦ | | વિચારો બંધ કરવાની કળા |
| રવિવાર, તા. ૧૯.૧.૨૦૨૦ | રાજયોગિની બ્રહ્મકુમારી નલિની દિદિજી | સીમર સીમર સુખ પાઓ મિટે કલહ કલેશ મનકે |
| સોમવાર, તા. ૨૦.૧.૨૦૨૦ થી શનિવાર, તા. ૨૫.૧.૨૦૨૦ | રોટરી કલબ ઓફ મુંબઈ - ઘાટકોપર | આરોગ્ય શિબીર |
| સોમવાર, તા. ૨૭.૧.૨૦૨૦ | તનુભાઈ ખટાઉ | મનને કેવી રીતે રોકવું ? |
| મંગળવાર, તા. ૨૮.૧.૨૦૨૦ | | ઉર્જા કેવી રીતે વધારવી ? |
| બુધવાર, તા. ૨૯.૧.૨૦૨૦ | | ડાયબીટીસ અને આર્થરીટીસ મટાવો |
| ગુરુવાર, તા. ૩૦.૧.૨૦૨૦ થી | શ્રી સુધીર દવે | વેદોમા વ્યવસ્થાપન સિધ્ધાંતો |
| શુક્રવાર, તા. ૩૧.૧.૨૦૨૦ | | યોગથી રોગોને ઓળખો અને દૂર કરો |

### સાંજનું સત્ર : ૬.૩૦ થી ૮.૦૦ કલાક સુધી


| | | |
|---|---|---|
| બુધવાર, તા. ૧.૧.૨૦૨૦ | સ્વરસંસ્કાર એકેડમી | નવાવર્ષની સાંજ શ્રી અમિતાભ બચ્ચનને નામ |
| ગુરુવાર, તા. ૨.૧.૨૦૨૦ | શ્રી અતુલ પંડયા અને તૃપ્તરાજ (સ્વરસાધના ગૃપ) | સમા હૈ સુહાના સુહાના |
| શુક્રવાર, તા. ૩.૧.૨૦૨૦ | શ્રી. હંસરાજ સત્રા - સંગીતમ્ ગૃપ | જુના હિન્દી અને ગુજરાતી ગીતો |
| શનિવાર, તા. ૪.૧.૨૦૨૦ | એસ. કે. સોમૈયા વિનયમંદિર - શ્રીમતી શારદાબેન પંચાલ અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ | ગુજરાતી અને હિન્દી ગીતો |
| રવિવાર, તા. ૫.૧.૨૦૨૦ | શ્રી રાજુ શાહ - સૂરસાગર ગૃપ | સુન્હેરી યાદે |
| સોમવાર, તા. ૬.૧.૨૦૨૦ | શ્રીમતી કિર્તીબેન | મેરી આવાજ હી પેહચાન હૈ |
| મંગળવાર, તા. ૭.૧.૨૦૨૦ | શ્રી પ્રસાદ ભિડે - ક.જે.સોમૈયા કલા અને વાણિજ્ય મહાવિદ્યાલયના સંસ્કૃતના વિદ્યાર્થી | સંસ્કૃત નાટ્ય - દેવશુની |
| બુધવાર, તા. ૮.૧.૨૦૨૦ | શ્રીમતી પ્રિતમ અને ગ્રુપ | સદાબહાર હિન્દી ગીત |
| ગુરુવાર, તા. ૯.૧.૨૦૨૦ | શ્રી પંકજ મહેતા - આલાપ સુર સાધન ગ્રુપ | સુનહરે નગમે |
| શુક્રવાર, તા. ૧૦.૧.૨૦૨૦ | શ્રી મહેશ ગોંડલીયા, શ્રી દિપક પારેખ શ્રીમતી સ્મિતા રસાળ, શ્રીમતી નિશા મહેતા અને સાથીઓ | ગાયેકા ગીત મિલન કે (લાઇવ ઓર્કેશટ્રા) |
| શનિવાર, તા. ૧૧.૧.૨૦૨૦ | શ્રીમતી કલ્પના સંતોષ | ઓલ્ડ ઇસ ગોલ્ડ (જુના હિન્દી ગીતો) |
| રવિવાર, તા. ૧૨.૧.૨૦૨૦ | શ્રી રાજાભાઈ | ગોલ્ડન એરા |
| સોમવાર, તા. ૧૩.૧.૨૦૨૦ | શ્રી હરેશ મહેતા 'મનવા' | સ્વ: મુકેશજીના યાદગાર ગીતો |
| મંગળવાર, તા. ૧૪.૧.૨૦૨૦ | શ્રીમતી અનિલા મહેતા | એક સુન્હેરી શ્યામ કૃષ્ણા કે નામ |
| બુધવાર, તા. ૧૫.૧.૨૦૨૦ | શ્રી અશ્વિન ઠક્કર - સુર સંગમ ગ્રુપ | સુનહરે હિન્દી ગીત |
| ગુરુવાર, તા. ૧૬.૧.૨૦૨૦ | શ્રી ટી. વી. ગોપાલજી - લહરે ગૃપ | જુના હિન્દી ગીતો |
| શુક્રવાર, તા. ૧૭.૧.૨૦૨૦ | શ્રી ભાસ્કર બારોટ | લોક નૃત્ય, ભજન અને હર્યારાસ |
| શનિવાર, તા. ૧૮.૧.૨૦૨૦ | શ્રીમતી ચારુ ત્રિવેદી | મેશ અપ ગીત |
| રવિવાર, તા. ૧૯.૧.૨૦૨૦ થી | શ્રીમતી કોકિલા પોરેચા | દાનલીલા |
| સોમવાર, તા. ૨૦.૧.૨૦૨૦ | (વલ્લભ ભાટીયા મહિલા મંડળ) | નૃત્ય અભિવ્યકિત - અભિ તો હમ જવાન હૈ |
| મંગળવાર, તા. ૨૧.૧.૨૦૨૦ | શ્રી જીતેન ઠક્કર - ઘાટકોપર મ્યુસીકલ ગૃપ | યે શામ મસ્તાની |
| બુધવાર, તા. ૨૨.૧.૨૦૨૦ | શ્રી સુશીલ મહેશ્વરી | સુરે ગુલઝાર |
| ગુરુવાર, તા. ૨૩.૧.૨૦૨૦ | શ્રી સુભાષ શાહ - એસ. આર. ગ્રુપ | ગોલ્ડન ગીતમાલા |
| શુક્રવાર, તા. ૨૪.૧.૨૦૨૦ | ધ. સોમૈયા સ્કુલના વિદ્યાર્થીઓ | રાગ રસ રંગ (રાગો પર આધારીત ગીત) |
| શનિવાર, તા. ૨૫.૧.૨૦૨૦ | શ્રીમતી સુનિતા ગંગ્રાડે | મ્હારો પ્રણામ (ઉપશાસ્ત્રીય સંગીત) |
| સોમવાર, તા. ૨૭.૧.૨૦૨૦ | શ્રી રજનીકાંત મહેતા | જીના ઈસીકા નામ હૈ (કાવ્યાત્મક ગીતો) |
| મંગળવાર, તા. ૨૮.૧.૨૦૨૦ | શ્રી રાજેશ કંસારા અને મોના દેસાઈ | તેરે મેરે સપને |
| બુધવાર, તા. ૨૯.૧.૨૦૨૦ | ડૉ. આશા ભાટિયા - સ્વર સંસ્કાર એકેડમી | વસંત પંચમીનો રંગ, સદાબહાર ગીતોને સંગ |
| ગુરુવાર, તા. ૩૦.૧.૨૦૨૦ | શ્રી હેમલ બુસા, શ્રી દિનેશ કામદાર, શ્રીમતી મોના દેસાઈ અને સાથી કલાકાર | એક હસીન શામ |
| શુક્રવાર, તા. ૩૧.૧.૨૦૨૦ | શારદાબેન પંચાલ ની સાથે સોમૈયા શિક્ષકો | સુરમયી શામ |

કાર્યક્રમો માણવા સહુને સ્નેહભર્યું આમંત્રણ

**શ્રી સમીર સોમૈયા ✲ શ્રીમતી લીલાબેન કોટક**

**સત્વરે સંપર્ક : ડૉ. વીણા સાનેકર (૦૨૨-૨૧૦૨૩૬૫૦)**

**ડૉ. પ્રીતી દવે (મો.૮૮૫૦૨૧૭૪૨૩) । ડૉ. મૃણાલ ભટ્ટ (મો.૯૭૦૨૯૧૦૨૦૧)**







**1 & 2 BHK**
**• ફ્લેટ્સ •**

- Stlit+8 Storeyed residental Project
- 1 & 2 BHK Flats
- Plans approved as per New DCR
- Ample Car Parking
- 10 min. from Ghatkopar Railway / Metro Station
- 3 mins. from Jagruti Nagar Metro Station
- 10 mins from Jain Derasar
- 15 mins. from BKC by car
- 15 mins from International Airport by Car
- Possession near by

**ASHAPURA GROUP** ™
Builders & Developers
Project by
M/s. ASHAPURA DEVELOPERS

MahaRERA Reg. No. P51800007105
Available at website: http:// maharera.mahaonline.gov.in under registered projects.
Site: CTS No. 380 to 390, Nr. Mukund Staff Quarters Soc., LBS Marg Ghatkoper (W), Mumbai - 86
CONTACT 098211 98970 OFFICE:
Website: www.ashapuragroups.in

This communication is purely conceptual and is not a legal offering. It is made for only promotional purposes.The information contained in this communication is only indicative of the kind of development that is proposed and is subject to change. The developers reserve the right to make change or alterations at their sole discretion.

# CELEBRATION OF 2 DAYS CULTURAL FESTIVAL AT RAMJI ASSAR VIDYALAYA's LAXMICHAND GOLWALA COLLEGE OF COMMERCE & ECONOMICS










Ramji Assar Vidyalaya's Laxmichand Golwala College of Commerce and Economics, Ghatkopar (East), Mumbai-77 Celebrated Youth Zest Cultural Festival on 27th December, 2019 Friday and 28th December, 2019 Saturday in RAV Campus. Youth Zest is a Cultural Festival which consists of various competitions like Mehandi, Rangoli, Instrument Playing, Film Making, Singing Competition and Entertainment games on Day 1 and on Day 2 Dance Competition, Strength War, Treasure Hunt, Mr. and Miss Youth Zest and Entertainment Games for the Students of the College. Winners of the Competition were evaluated on the Judging Parameters as per the competition and disclosed on the spot. Students enjoyed being as a participant as well as cheering and motivating their friends as an audience.













વોઈસ ઓફ ઘાટકોપરમાં
સ્પેશીયલ ફીચર
માટે સંપર્ક - સીંજલ કોઠારી
8655185667

Haresh B. Parmar જે ભગવાન M: 098206 17168
Haresh Creation
Ladies Dressmakers
Believe in Creativity
हरेश क्रिएशन लेडीज् ड्रेसमेकर्स
Shop No. 3, Krishna Leela , Khokhani Lane,
Ghatkopar (East), Mumbai - 400077
M: 87792 99022 (Sunday Closed)

એડલ્ટ ડાયપર માટે
અંબિકા ટ્રેડીંગ કાં.
દરેક પ્રકારના એડલ્ટ કેર પ્રોડક્ટ
હોલસેલ તથા રીટેલ ભાવે આપના ઘરે મળશે
એડલ્ટ ડાયપર (M/L/X/L) હોલસેલ ભાવે મળશે
ફ્રી હોમ ડિલેવ્હરી
9323507848
9619907848

Most Versatile Singer - Entertainer
Hiren's Harmony
Events & Entertainment
09322 600 800
www.harmonyevent.com
• Sangeet Sandhya • Mini / Mega Orchestra
• Lagna Geet • Mehendi • Raas-Garba
• Reception Instrumental / Track Show
• Birthday • Anniversary
• Baby Shower • Theme Parties
• Get-together Picnics & Parties
• Musical Housie • Karaoke • DJ • Games
• Bhajan • Stavan • Prathana • Pahedi
દરેક અવસરને અનેરો બનાવો
Just @11000/- onwards

## એક બાઉન્સમાં ગેરરીતિ કેટલી?

શબ્દોનું સ્પંદન



પ્રા. બિંદુ મહેતા

એક જણે ત્રણ લાખની અંદરનો ચેક એક જણને આપ્યો હતો બધુ જ બરાબર હતું છતાં પણ ચેક બાઉન્સ કર્યો કારણ એક આપનારનો ફોન ન લાગ્યો માટે. ચેક આપનારના હાથમાં ચેક પાછો આવતા તેણે બેંકના મેનેજરને વ્યક્તિગત મળીને કહ્યું કે આ ચેક હું પાછો આપું છું. તમે તેને પાસ કરજો મારા આ નંબરનો મોબાઈલ ચાલતો નથી. બીજા આ નંબર છે. આમ છતાં ફરીવાર ચેક બાઉન્સ કર્યો અને પાછી એજ વાત કે તમારો ફોન ન લાગ્યો હતેથી ચેક બાઉન્સ કર્યો બે બે વાર ચેક આપનાર અને લેનાર બન્નેના ખાસ્સા પૈસા કપાણા આ કટેલી ગેરરીતિ છે ચેક લેનારને સમય સર પૈસા ન મળ્યા. ઉપરથી તેના પૈસા ગયા આમા વગર વાંકે બન્ને ઘણું જ નુકસાન થાય. તમારી સહી બરાબર ન હોય પુરતા પૈસા ન હોયને ચેક બાઉન્સ થાય તો સમજ્યા આમા તો આવું કાંઈ જ નહી તું અને શા માટે ચેક લેનારને દંડ લેવું વાળાની આ ગેરરીતિથી પૈસા કમાવાની રીત છે. તમે વ્યક્તિગત મળો તે મહત્વનું કે ફોન ન લાગ્યો તે?

## પ્રાર્થનાનું મહત્વ



પ્રાર્થના એટલે પ્રભુ સાથે વાતચીત ભગવાનને આપણા સુખ દુ:ખ જણાવીએ, આપણા હૃદયની ભાવનાઓ વ્યક્ત કરીએ તો આપણું મન પવિત્ર થશે અને આપણને શાંતી મળશે. પ્રાર્થનાને હું સ્નાન ભોજન અને ઊંઘ સાથે સરખાવું છું. સ્નાનથી શરીરની શુદ્ધી થાય છે. પ્રાર્થનાથી મનની શુદ્ધિ થાય છે. ઈશ્વરના ચિંતનથી આધ્યાત્મિક સ્નાન થાય છે અને મન પ્રફુલીત રહે છે. ભોજનથી શરીરને પોષણ મળે છે. પ્રાર્થનાથી મનને પોષણ મળે છે. જેવી રીતે એક સાથે બેસીને ભોજન કરવાથી આનંદ મળે છે. ઊંઘથી માણસને ઉત્સાહ અને આરામ મળે છે. તેવી રીતે પ્રાર્થનાથી મનને આરામ મળે છે. અને મન પ્રફૂલીત થઈ જાય છે. દુ:ખમાં ડૂબેલા, હતાશ અને પોતાને અસહાય માનતા મનુષ્યને સાચા-ઊંડા ભાવથી કરેલી પ્રાર્થના ચોક્કસ સારુ ફળ આપે છે.

- મૃદુલા સ્વાલી- (ચેમ્બુર)

## શ્રી નારાયણ સેવા મંડળ આયોજિત 'એલર્જીક સમસ્યા નિદાન કેમ્પ'

શ્રી નારાયણ સેવા મંડળ આયોજિત 'એલર્જીક સમસ્યા નિદાન કેમ્પ' એલર્જીની સમસ્યા વિવિધ કારણોથી થાય છે. ભાવનાત્મક સમસ્યા, શારીરિક તણાવ, મોસમમાં બદલાવ, કાર્યસ્થળ પર પ્રદૂષણ, સ્પ્રે, સિગરેટ અને એના ધુમાડા, ફૂલોના પરાગરજ, વારંવાર શરદી, ખાંસી થવી... જેના લીધે લાંબે ગાળે શ્વાસ લેવામાં તકલીફની શક્યતા થઈ શકે છે. જો જરૂર જણાય તો, નિષ્ણાત ડોક્ટર પાસે આ સમસ્યાઓનું યોગ્ય નિદાન કરાવી, માર્ગદર્શન મેળવીને ઈલાજ કરાવી શકો છો.


રવિવાર, તા.૧૧ જાન્યુઆરી, ૨૦૨૦. સમય : સવાર ૯.૩૦ થી ૧૧.૦૦ (પ્રત્યેક મહિનાના બીજા શનિવારે) સ્થળ : શ્રી નારાયણ સેવા મંડળ. નવદુર્ગા આશિષ, આણંદજી લેન, ઘાટકોપર (ઈસ્ટ).

## વસુંધરા સોસાયટી દ્વારા 'હોંક ફ્રી ડે'નું આયોજન



વાહનોમાંથી હોર્ન દ્વારા થતા ધ્વની પ્રદુષણને ઓછું કરવાના ઉદ્દેશ સાથે રવિવાર તા.૫ જાન્યુઆરીના વસુંધરા સોસાયટીના રહેવાસીઓ પરેશ શાહ દ્વારા હોંક ફ્રી ડે નું આયોજન કરવામાં આવ્યું છે. વધુ માહિતી તથા વોલ્યનટર તરીકે જોડાવવા ઈચ્છુકે તેમનો ૯૮૨૦૨૩૮૨૬૩ નંબર પર સંપર્ક કરવો.

## બહેનશ્રીના વચનામૃત - સંકલન વિજય બોટાદરા




- આચાર્યદેવ કરૂણા કરી જીવને જીવાડે છે : જાગ રે! ભાઈ જાગ. તને ઊંઘમાં દિશા સૂઝતી નથી. તું તારી ભૂલથી જ રખડયો છે. તું સ્વતંત્ર દ્રવ્ય છો; ભૂલમાં પણ સ્વતંત્ર છો. તું રખડપટ્ટી વખતે પણ શુદ્ધ પદાર્થ રહ્યો છે. આ કોઈ મહિમાવંત વસ્તુ તને બતાવીએ છીએ. તું અંદર ઊંડો ઊતરીને જો, અસલી તત્વને ઓળખ. તારું દુ:ખ ટળશે, તું પરમ સુખી થઈશ.
- તું આત્મામાં જા તો તારું અથડાવું મટી જશે. જેને આત્મામાં જવું છે તે આત્માનો આધાર લે.

## મેગા રક્તદાન શિબીરનું આયોજન

શ્રી ઘાટકોપર વાગડ વિશા ઓસવાળ સમાજ મેડીકલ કમિટી દ્વારા આયોજીત શ્રી તરૂણ મિત્ર મંડળનાં સંયુક્ત ઉપક્રમે આયોજિત મેગા રક્તદાન શિબિર રવિવાર, તા.૫/૧/૨૦૨૦નાં આયોજન કરવામાં આવેલ છે.

આ શિબીરના ઉદારદિલ દાતાશ્રીઓ શ્રી ગોહિલવાડ દશા શ્રીમાળી વણિક મંડળ પરમ કેશવ બાગ-ઘાટકોપર, શ્રી એક સદ્‌ગૃહસ્થ પરિવાર.






**ચંદ્રેશ પારેખની કલમે....**



# ઘર કે ગેસ્ટ હાઉસ ?

એવું કહેવાય છે કે, જમાના બદલ ગયા હૈ. વધી રહેલા આજના ભોગવિલાસી જીવનમાં બધું જ બદલાતું જાય છે. આજથી ૨૫-૩૦ વર્ષ પહેલાં લોકો ગારમાટીથી લીંપેલા મકાનમાં રહેતા હતા, જ્યારે આજે મોટી મોટી આલીશાન બિલ્ડિંગો અને મકાનોમાં રહેતા થયા છે. પરંતુ એ ગારમાટીના મકાનમાં જે સુખ, શાંતિ અને સહાનુભૂતિ હતાં તે આજે મોટી બિલ્ડિંગ અને મકાનોમાં નથી. લોકો ઘરમાં ભૌતિક સુખસાહ્યબીને પુષ્ટ કરતી ચીજવસ્તુઓ વસાવી રહ્યા છે. ઘરનો બાહ્યિક દેખાવ સારો કરવા સારામાં સારા રંગ-રોગાન તથા રાચરચીલું કરાવે છે. પરંતુ અનેકનાં મનને મૂંઝવતો આ એક પ્રશ્ન છે કે એ ઘરમાં બધું જ છે પણ સુખ, શાંતિ, આત્મીયતાભર્યું વાતાવરણ ક્યાં છે?

એટલે જ પૂ.સ્વામીશ્રી ઘણી વાર કહેતાં હોય છે કે, ઘરમાં સોફા સેટ હોય છે, લેમન સેટ હોય છે, ટીવી સેટ હોય છે, બધું જ સેટ હોય છે પરંતુ ઘરમાં રહેતા પરિવારના સભ્યો જ અપસેટ હોય છે.

આજે ઘરમાં હાશ અનુભવવાને બદલે ત્રાસ અનુભવાય છે. ઘરમાં મસ્ત રહેવાને બદલે ત્રસ્ત રહેવાય છે. હાસ્ય તો માત્ર એક શો-પીસ (દેખાવ) બની ગયો છે. બહારથી કાંઈક જુદું હોય છે અને અંદરની સત્યતા કંઈક જુદી જ હોય છે. આપણે ડ્રોઈંગ રૂમમાં હસીએ છીએ અને બેડરૂમમાં ભસીએ છીએ. એટલે આપણા ઝઘડા-કંકાસ ચાલુ જ રહે છે. ભલે લોકો કદાચ એ જાણતા નથી, પરંતુ શું આપણે એ ઘરમાં સુખ-શાંતિનો અનુભવ કરી શકીએ છીએ? ઘરની અંદર આરામખુરશી પણ આપણને આરામ આપી શકતી નથી. ઘણી વખત આપણા ઘરમાં આપણે વસાવેલી વસ્તુઓ, ફર્નિચર વગેરે આપણને બોજારૂપ લાગે છે. અરે! ઘરમાં રહેનારા સભ્યો પણ બોજારૂપ લાગે છે.

દિવાળીના દિવસે પણ આપણા ઘરમાં હોળી જેવું વાતાવરણ હોય છે. ઘરનું નામ આપ્યું હોય શાંતિ સદન, પણ ઘરમાં અશાંતિ સિવાય બીજું કાંઈ જ જોવા ન મળે. પતિપત્ની, ભાઈબહેન, ભાઈભાઈ, સાસુવહુ, માતાપિતા બાળકો દરેકના અલગ અલગ પ્રશ્નોથી ઘરનું વાતાવરણ તંગ રહેતું હોય છે. આવા ઘરમાં શાંતિનો અનુભવ ક્યાંથી થાય? આવા ઘરમાં સુખેથી ભગવાનનું ભજન કે નામ-સ્મરણ પણ ક્યાંથી થાય? જેમ સ્મશાનગૃહમાં જઈને કોઈ એવું વિચારે કે મારે અહીંયાં શાંતિનો અનુભવ કરવો છે કે ભગવાનનું ભજન કરવું છે, તો શું શક્ય છે? આપણે કહીશું... ના. તો શું આપણા ઘરમાં પણ આવું તંગ વાતાવરણ રહેતું હોય તો એને આપણે ઘર કહીશું કે સ્મશાનગૃહ? શું આવા ઘરમાં સુખચેનથી રહી શકાય?

ઘરમાં આવું વાતાવરણ સર્જાવાનાં મુખ્ય કારણો છે સાસુવહુ, પતિપત્ની, માતા-પિતા અને બાળકો વચ્ચેના ઝઘડા-કંકાસ અને એકબીજા વચ્ચેનું ઘર્ષણ. ઘણી વાર ઘરમાં કોઈ એકબીજાને સમજવા તૈયાર હોતું નથી. દરેક એવું જ માને છે કે હું જ સાચો છું જેથી ઘરમાં અરસપરસ પાંચ મિનિટ પણ પ્રેમથી બેસી શકાતનું નથી. આપણે પૈસો કમાવવા માટે ગાંડાની માફક આંધળી દોટ મૂકીએ છીએ અને એના માટે જ મથ્યા કરીએ છીએ, પરંતુ એકબીજાને સમજવા માટે આપણે કેટલો સમય કાઢ્યો? આપણે ઘરમાં શાંતિ રહે તેના માટેના નાનામોટા ઘણા ઉપાય કરીએ છીએ, પરંતુ જે સરળ અને શ્રેષ્ઠ ઉપાય છે તેને પકડતા નથી અને પરિણામે આપણા પ્રશ્નોનો કાયમી ઉકેલ આવતો નથી. આપણા અનેક પ્રશ્નોનું સમાધાન કરતું એવું એક અમોઘ શસ્ત્ર છે ઘરસભા. ઘરસભા એક એવું માધ્યમ છે કે જેના દ્વારા અનેક પ્રશ્નોનું સમાધાન લાવી શકાય છે.

**અમોઘ શસ્ત્ર ઘરસભા**

માત્ર ચાર અક્ષરોનો બનેલો આ એક શબ્દ છે : 'ઘરસભા'. એમાં એક અદ્ભૂત શક્તિ સમાયેલી છે. એનો એવો અદ્ભૂત પ્રભાવ છે કે જેનાથી વર્ષોથી જે પ્રશ્નોનું સોલ્યુશન ન આવ્યું હોય તેવા પ્રશ્નોનું સોલ્યુશન માત્ર ૨૫-૩૦ મિનિટની ઘરસભાથી આવી જાય છે. ઘરસભા જ એક એવું માધ્યમ છે કે જેનાથી બે કાર્ય એકસાથે સર છે : એક, આપણા કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ અને બીજું સત્સંગની ગોષ્ઠી.

જેમ માથાનો દુઃખાવો થયો છે કે પેટનો દુઃખાવો થયો છે, તો તે ટાળવાનું શસ્ત્ર શું ? ગોળી. તેમ આપણા કૌટુંબિક પ્રશ્નો અને ઝઘડા-કંકાસનું સમાધાન કરતું અમોઘ શસ્ત્ર એટલે જ ઘરસભા. આપણને થાય કે શું ખરેખર ઘરસભા આપણા પ્રશ્નોનું નિરાકરણ લાવી શકે ? એકબીજાથી હજારો, લાખો ગાઉ દૂર થઈ ગયેલાં મન અને આત્માને ફરીથી જોડી શકાય ? હા, જરૂર. સામાન્ય લાગતી આ ઘરસભામાં આપણા બધા જ પ્રશ્નોનું સમાધાન સમાયેલું છે. દવા ભલે સામાન્ય લાગે પરંતુ એની અસર સામાન્ય નથી હોતી. માથાની કે પેટના દુઃખાવાની ગોળી માથા જેવડી કે પેટ જેવડી નથી હોતી. પરંતુ, એ નાની ગોળીમાં એટલી બધી શક્તિ છે કે એ માથાના કે પેટના દુઃખાવાને દૂર કરી દે છે. તેમ સામાન્ય લાગતી આ ૨૫-૩૦ મિનિટની ઘરસભા આપણા પરિવારના તમામ રોગોને દૂર કરી, આત્મીયતાભર્યું વાતાવરણ ખડું કરી દેશે.

ગુજરાતીમાં એક કહેવત છે કે, મન, મોતી અને કાચ એક વખત તૂટ્યા પછી ફરી ભેગાં ન થાય. પરંતુ આ એક એવું અમોઘ શસ્ત્ર છે કે જેણે અનેક તૂટેલા પરિવારોને ફરી જોડી દીધા છે, જેણે ૨૫-૨૫ વર્ષથી કપાઈ ગયેલા સંબંધોને ફરીથી જીવંત કરી દીધા છે.

પહેલાના જમાનામાં આખા મોહલ્લા તથા મકાન ના લોકો સાથે મળીને પ્રસંગો ઉજવતા જ્યારે ઘર ના ચાર લોકો પણ સાથે મળી સકતા નથી. હમણાંજ મારા એક મિત્ર ને જવાનું થયું જ્યારે ઘરમાં પ્રવેશ કર્યો ત્યારે અચંબા માં પડી ગયો ચાર જાણ ના પરિવારમાં ચારેય અલગ અલગ દિશામાં અલગ અલગ પ્રવુતિ કરતા હતા. મારો મિત્ર છાપું વાંચો તો હતો તેના ધર્મપત્ની ટેલીવિસીઓન પર સીરીયલ જોતી હતીમ મોટો દીકરો દોસ્તો ફોન ઉપર દોસ્તો સાથે ગપાટા મારતો હતો. દીકરી સશ્યલ મીડિયા ઉપર મશગુલ હતી. મને લાગ્યું કે This is not a Family! but કોઈ ઘરમાં ચાર અજાણ્યા પેઈંગ ગેસ્ટ રહેતા હોય. મિત્રો..

**ક્યાં ગઈ પરિવાર ની એકતા?**
**ક્યાં ગઈ એકબીજા પ્રત્યેની લાગણી ?**
**ક્યાં ગયો પરિવારનો પરસ્પરનો પ્રેમ**
**અને ક્યાં ગયો કુટુંબ પ્રેમ?**
**ચેતી જજો!! તમારા ઘરમાં એવું તો નથી બની રહ્યુંને?**

હજારો હરિભક્તો ઘરસભા માટેના પોતાના અનુભવો જણાવતાં કહે છે કે ઘરસભાથી...

અમારો તૂટી ગયેલો પરિવાર ફરીથી જીવંત બન્યો છે. યંત્રવત્ ચાલતું અમારું ઘર આજે લાગણીઓથી ભરાઈ ગયું છે.

મારો બાળક કુસંગના માર્ગેથી પાછો વળી સત્સંગના માર્ગે પ્રગતિ પામ્યો છે.

મહારાજ અને મોટાપુરુષને રાજી કરવાનું એક સામૂહિક અભિયાન શરૂ થયું છે.

એકબીજા વચ્ચે ખુલાસો કરવાથી અમારા તમામ પ્રશ્નો અને મૂંઝવણોનું સમાધાન થયું છે.

એક ઘરમાં રહેવા છતાં જુદા જુદા રૂમમાં રહેવા ટેવાયેલા ઘરના સભ્યો સમૂહજીવન જીવતા થયા છે. આજે અમે ઘરના બધા જ સભ્યો સમૂહમાં જ ભોજન, ભજન, શયન, ઘરસભા કરીએ છીએ.

ઘરસભા માટેના આવા તો અનેક અનુભવો નોંધાયા છે. ૨૫-૩૦ મિનિટની ઘરસભામાં આટલા બધા ફાયદા સમાયેલા હોય તો શા માટે શરૂ ન કરીએ ઘરસભા ? આજે જ દૃઢ સંકલ્પ કરો કે દર અઠવાડિયે ઓછામાં ઓછા બે દિવસ તો ઘરસભા કરવી જ છે. ઘરસભા કરવાનો મક્કમ નિર્ધાર કરવા છતાં, આટલું થશે તો જ ઘરસભા શરૂ થશે અને નિયમિત રીતે થશે.

માનસિક તૈયારી કરો કે, ઘરસભા કરવી જ છે.

રાજી કરવા જ છે એવી ભાવના કેળવો.

ધીરજ કેળવો - ઘરના કોઈ સભ્ય ન આવે તો ધીરજતાથી કામ લો.


સમયનું સેટિંગ કરો.

ટી.વી. આદિક મનોરંજનનાં સાધનોમાં કાપ મૂકો.

મહેમાનને પણ ઘરસભામાં બેસાડો.

સત્સંગ સભા અને સંતોનો જોગ રાખો.

# મુંબઈમાં સાતમી મહારાષ્ટ્ર ગુજરાતી પરિષદ યોજાશે



મહારાષ્ટ્ર ગુજરાતી સમાજ મહામંડળના ૩૧માં વર્ષ પ્રવેશ પ્રસંગે ૭મી મહારાષ્ટ્ર ગુજરાતી પરિષદ, મહામંડળના પ્રમુખ હેમરાજ શાહના પ્રમુખપદે ૧૭ જાન્યુઆરીના મુંબઈમાં યોજાશે. આ પરિષદમાં મહારાષ્ટ્રના દરેક શહેરોના ગુજરાતી સમાજના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહેશે. આ પરિષદ મુંબઈમાં અંધેરી ખાતે ગુજરાતી સમાજ ભવન, લોટસ પેટ્રોલપંપ સામે યોજાશે.

આ પરિષદમાં ગુજરાતી સમાજોના સામાજીક, આર્થિક અને સાંસ્કૃતિક પ્રશ્નોની ચર્ચા થશે અને તેમાંથી માર્ગ શોધવા પ્રયત્ન કરવામાં આવશે એ ઉપરાંત આગામી તા. ૨૨ ફેબ્રુઆરીના મહારાષ્ટ્રની સિદ્ધિ પ્રાપ્ત વ્યક્તિને મહારાષ્ટ્ર ગૌરવ, ભારતની સિદ્ધિ પ્રાપ્ત વ્યક્તિને ભારત ગૌરવ અને વિશ્વમાં સિદ્ધિ પ્રાપ્ત વ્યક્તિને વિશ્વ ગૌરવ એવોર્ડ, દાદરના યોગી સભાગૃહમાં એનાયત થશે. જે સંસ્થા, જ્ઞાતિમંડળના પદાધિકારીને આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવાની ઈચ્છા હોય તેઓએ પોતાના બે પદાધિકારીઓના નામ-સરનામાં તા. ૩૦ જાન્યુઆરી સુધીમા લખી મોકલવા. વધારે આમંત્રણ કાર્ડ હશે તો તેમને જરૂરથી મોકલી આપવામાં આવશે. હેમરાજ શાહ (પ્રમુખ) મહારાષ્ટ્ર સમાજ, C/o. રેખા પ્રકાશન, ૪૧ કરેલ વાડી, ઠાકુરદ્વાર, મુંબઈ - ૪૦૦૦૦૨. Email : hemrajvshah@gmail.com

# શ્રી ક.વી.ઓ.જૈન સૈવા સમાજ-કુરલા દ્વારા અપંગ વ્યક્તિ માટે નિઃશુલ્ક ચિકિત્સા તેમજ સાધન વિતરણ શિબિરનું આયોજન

શ્રી ક.વી.ઓ.જૈન સેવા સમાજ-કુરલામાં નિઃશુલ્ક (વિનામૂલ્ય) અપંગ વ્યક્તિઓની ચિકિત્સા એન્ડ સાધન સહાય શિબિર તા.૬-૧-૨૦૨૦ને સોમવારના રોજ સવારના ૧૧.૦૦ થી સાંજે ૪.૦૦ સુધી રાખવામાં આવેલ છે.

તે દિવસે કુરલા સેવા સમાજ હોલમાં વિકલાંગ (અપંગ) વ્યક્તિઓને તપાસીને તેમનું નિદાન કરી જયપુર ફૂટ (કૃત્રિમ પગ), પોલિયોગ્રસ્ત માટે કેલીપર્સ તથા કાંઘઘોડી, કોણીની નીચે કાપેલ હાથ વાળા માટે કૃત્રિમ હાથ ફ્રીમાં (વિનામૂલ્ય) આપવામાં આવશે.

આ શિબિરનો લાભ કોઈપણ જ્ઞાતિના (નાત-જાત ભેદભાવ વગર) લઈ શકે છે. આ શિબિર રત્નનિધિ ચેરિટેબલ ટ્રસ્ટના સહયોગથી યોજવામાં આવશે.

સ્થળ : શ્રી કચ્છી વીશા ઓસવાળ જૈન સેવા સમાજ કુરલા, કચ્છી હોલ, એલ. બી.એસ.માર્ગ, જૂની પોસ્ટ ઓફિસની સામે, કુરલા (વેસ્ટ), મુંબઈ-૭૦.

વધુ વિગત માટે સંપર્ક ફોન : ૨૬૫૪ ૯૭૨૦, પ્રમુખ : વીરચંદ મુરજી વિસરીયા-૯૮૧૯૧૩૩૦૮૮.

# વોઈસ ઓફ ઘાટકોપર ક્લાસિફાઈડ્સ

એડ આપવા માટે સંપર્ક 022-40229684
/vognewslive
www.vognewslive.com

જાહેરખબરના દર
ક્લાસિફાઈડ્સ જાહેરખબર ૧૫ શબ્દોના રૂા. ૧૦૦ લેખે સ્વિકારવામાં આવશે. હેડીંગના રૂા. ૧૦ એક્સ્ટ્રા થશે. ૧૫ શબ્દો પછીના વધારાના દરેક શબ્દ દીઠ રૂા. ૪. જાહેરખબર બુધવાર સાંજ સુધી જ સ્વીકારવામાં આવશે. જાહેરાતનું લખાણ ઓફિસ પર ઉપલબ્ધ ફોર્મમાં જ લખી આપવાનું રહેશે. જાહેરખબર પ્રગટ કરવાની સામગ્રી કાર્યાલયમાં આપો ઘાટકોપર ટાઈમ્સ પબ્લિકેશન સેન્ટર
-: ઓફિસ :-
એ-૧, સત્યમ શોપીંગ સેન્ટર, એમ.જી.રોડ, ઘાટકોપર (ઈસ્ટ).
સંપર્ક : ૯૦૨૨૨૭૯૬૮૪
voiceofghatkopar@gmail.com

આ અખબારમાં પ્રગટ થતી જાહેરાત બાબતે કોઈને પણ પૈસા મોકલતા પહેલા, કોઈ ખર્ચ માથે લેતા પહેલા કે કોઈપણ પ્રકારનો કરાર કરતા પહેલા વાચકો પૂરતી પૂછપરછ કરી લે એવો તેમને અનુરોધ છે. એડવર્ટાઈઝરો દ્વારા પોતાની પ્રોડક્ટ અને સર્વિસીસ વિશે જે દાવો કરવામાં આવે છે તેના વિશે વોઈસ ઓફ ઘાટકોપર કોઈ જવાબદારી સ્વીકારતું નથી. એડવર્ટાઈઝરો પોતાના દાવામાં ખરા ન ઉતરે એવા સંજોગોમાં કોઈપણ પરિણામ માટે વોઈસ ઓફ ઘાટકોપરના માલિક, તંત્રી, મુદ્રક અને પ્રકાશક જવાબદાર નહીં ગણાય.
– સંચાલક

## આરોગ્ય

All domestic work servant available. All ayurveda punchakarma treatment : Smitha House Servant Agency : UG 310. Dreamsmall,Bhandup W **Contact : 2166 0419, 98467 46902.** (396)507

ALLSTAR Shipping Offers Packing and Shifting of House Hold Goods Anywhere In India & Abroad. **Contact : 9867572251.** (1717)529

## મનોરંજન

**નિર્મલ ઠક્કર**
જૈન સ્તવન, સંગીતસંધ્યા, લગ્નગીત, ભજન, પ્રાર્થના, દરેક પ્રકારના મનોરંજન કાર્યક્રમ માટે. **93239 46210, 98696 66672.** (278) 485

## ધંધાદારી

**ફ્રીજ, વોશીંગ મશીન, માઈક્રોવેવ**
દરેક પ્રકારના વોશીંગ મશીન, રેફ્રીજરેટર, માઈક્રોવેવ ઓવન, રીપેરીંગ માટે. **સચીન શાહ** (બિદડા) **- 9869126381, 9320982123.** વિઝિટીંગ ચાર્જ-૨૦૦/- (282)486

Personal, Business, Accounting, Income Tax, GST, Financial Planing. **92228 44843.** (258)487

**દેશ વિદેશ કુરિયર 24x7**
ડોક્યુમેન્ટ્સ, મેડિસીન, કુરિયર, ખાવાપીવાની ચીજ વસ્તુઓ, યુ.કે., યુ.એસ.એ., ઓસ્ટ્રેલીયા મોકલવા. **અનુજ સંગોઈ - ફોન : 8879991866.** પેક એન ડિલેવર. (1761)533

**મરણનોંધ માટે**
સંપર્ક : ૯૮૬૯૦૩૮૦૯૫, ૯૦૨૨૨૭૯૬૮૪

## મનોરંજન

**Jalsa Event**
Starting Just@7000/- with Singer+DJ+Host make party/celebration/ wedding memorable. **9322600800.** (267)511

## ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ

**PICNIC**
Royal, Imegica, Mandvi, greatescape, silent, waterkingdom, KidZania, paradise, sea gull, Shivganga. **Shreyas Travels : 9930346152.** (B)492

## ધંધાદારી

**મોરયા વોટર સપ્લાયર્સ**
વિવિધ કંપનીઓની પાણીની બોટલ ઉપલબ્ધ, **અક્ષય શિંગાડીયા - 7738243194, અશોક આરેકર - 7039214214.** B(jj)

**પ્રતાપ પેકર્સ એન્ડ મુવર્સ**
૪૫ વર્ષથી ઓફિસ ઘર સામાન. **લલીતભાઈ ઠક્કર- 99209 55291, 98210 70320, 98215 43816.** (431)478

## નોકરી સંબંધી

**OPPORTUNITY !!**
(Ghatkopar) Exclusive for Retired/VRS/NRI/ Bankers & HouseWife To Restart 2nd career. Earn Desire Income + Allowance +Special Training **Call :9594594301.** (1748)532

## ઔષધ ઉપચાર

**ઔષધ ઉપચાર**
અસરકારક એક્યુપ્રેશર ટ્રીટમેન્ટ કરી આપશું. અમારા સ્થાન પર ફી રૂા.૫૦. **Cont.: 82917 37349.** (P)485

## રીઅલ એસ્ટેટ

**Tilak Nagar**
1-2-3 BHK Available on Rent. **Call : Panditpotra Kumar : 98203 45511, 99203 45511.** (298)487

**Nikhil Consultancy**
For Sale - Purchase - Rental of Flat & Shop in Ghatkopar. **Contact:9820367536, 77384 29491.** (243) 485

## રીઅલ એસ્ટેટ

**જયેશ કાંતિલાલ મહેતા**
એસ્ટેટ એજન્ટ, સેલ્સ, પરચેસ, લીઝ. **જયેશભાઈ - 022-21024389, 98701 30730.** Email - jayeshmehta8686@gmail.com (323)491

**ભાડાનાં સ્પેશિયાલીસ્ટ**
ઘાટકોપરથી ચેમ્બુરમાં રેસીડેન્શીયલ/કમર્શિયલ રૂા.૧૮,૦૦૦થી રૂા.૧,૫૦,૦૦૦ સુધી આપવા લેવા માટે
**ચિંતન દેસાઈ**
**શ્રી મહાલક્ષ્મી રીઅલટર્સ**
**9321234567**

**Office - Shops**
1/2/3 BHK Flats Rent / Sale / Purchase Ghatkopar East - West. **Call : Bipin Katira - 98213 83343, 98192 40602.** (314)492

**A Bombay Realtors**
Available Office Nariman Point to Andheri, Ghatkopar Area 500 to 50,000 Sq.ft. **Cont.: Santosh Bhoite - 98206 10810.** (265) 485

**વિદ્યાવિહાર(વેસ્ટ)**
નીલકંઠ બિજનેઝ પાર્કમાં ઓફિસ ભાડેથી આપવાની છે. **Yogesh Shah - 9820023817.** (281)485

**કૌશલ કાંતિલાલ મહેતા**
ઘાટકોપર(ઈસ્ટ) પંતનગર- 3+1 રેડી પઝેશન નવા બંધાતા. **Mob.: 2501 0589, 93238 71933.** (322)491


સુવર્ણ તક સુવર્ણ તક
માર્કેટમાં ઝડપથી વધુ બિઝનેશ કરતી કંપનીને ફેન્ચાઈઝી આપવી છે ફક્ત રૂા.૮૦,૦૦૦ના રોકાણમાં દિવસનાં ત્રણ થી ચાર કલાક કામ કરી
માસિક રૂા.30000 થી 60000 કમાવવાની અમૂલ્ય તક
નિવૃત લેડીઝ જેન્ટ્સ તથા દરેક માટે બેસ્ટ બિઝનેશ તક ટુ વ્હિલર આવડતુ હશે તેના માટે બેસ્ટ તક આજે જ મળો
**MEHTA ENTERPRISES**
10/A, Gr. Floor, Kanara Business Center, Laxmi Nagar, Ghatkopar Anderi Link Road, Ghatkopar (East), Mumbai - 400 075.
9967421409 / 8291440870 / 7623901554


## રીઅલ એસ્ટેટ

**શ્રી હરી પ્રોપર્ટીઝ**
ઘાટકોપર ઈસ્ટ/વેસ્ટમાં ફ્લેટ ઓફિસ દુકાન, ગોડાઉન લેવા-વેચવા ભાડેથી. **હેમંતભાઈ ઠક્કર (ભચાઉવાળા) : 98214 63077, 97684 71831.** (344)492

**ઘાટકોપર, વિદ્યાવિહાર, ચેમ્બુર, તીલકનગર**
ફ્લેટ ઓફિસ દુકાન ભાડેથી/ વેચાણથી લેવા-વેચવા. **પંકજ નરેન્દ્ર વોરા - 9321103249.** (B)522

**GHATKOPAR**
FLATS - 1/2/3 BHK NEW / OLD. BLDG 80 LAC TO 2.80 CR. RENTAL 25K. TO 75K. COMMERCIAL - INDUSTRIAL - LAND. **NAVGRAHAA REALTY : 91522 47683 / 98214 25950.** (1762)534

## શૈક્ષણિક

**Intensive & Synthetic Phonics**
Introduction to Concept of Reading and Phonics, Sound, Blending, Tricky Words, Spelling Rules, Worksheets, Practicals, Essential Grammar, Spelling, Punctuation Skills. Comprehensive program with Material and Certificate. Call : **9833874424, 7304195472** (427)509

## મહિલા માટે

**૫૦૦ ઘેર કરાવો**
કલર્સ, આયનીંગ, હેરસ્ટાઈલ, મેકઅપ, હેરસ્પા, હેરકલર, વેક્સ, ફેશીયલ, બ્લીચ, મહેંદી. કાન કાણા પૂરાવો. **Cont.: 9867094908, 8169458427** (424)497

Exclusive range of gharchola, bandhani, chania-choli, panetar & fancy sarees. **Jyoti Saree, Matunga, King Circle Ph.: 2404 3995.** (284)486

**WOMEN START EARNING**
10,000 - 30,000 PM, BECOMING COMMISSION PARTNER PROPERTY CHANNEL PARTNER FIRM. **91522 47683 / 98214 25950.** (1762)534

**ઈમિટેશન જ્વેલરી**
સેટ લોંગ બુટ્ટી, બંગડી, કડા, બ્રેસલેટ ૫૦ ટકા ડિસ્કાઉન્ટથી મળશે. સમય ૩ થી ૬. **બીના : 70218 46077.** (1781)536

**ભાડા પર કપડા**
ચણીયાચોલી, ગાઉન, ઈન્ડો વેસ્ટર્ન ભાડેથી મળશે. ભાડુ ૧૦૦૦થી ચાલુ, પૂજા જોડ, કપલ જોડ વેચાતી મળશે. **આરતી શેઠ: 9029678055.** (1781)536


**વોઈસ ઓફ ઘાટકોપર**
**ક્લાસિફાઈડ જાહેરાત (1 વર્ષ)**
**સ્પેશિયલ ઓફર**

| | | |
|---|---|---|
| 15 શબ્દના | ~~Rs.5200~~ | Rs.1500 |
| 16 શબ્દના | ~~Rs.5408~~ | Rs.1600 |
| 17 શબ્દના | ~~Rs.5616~~ | Rs.1700 |
| 18 શબ્દના | ~~Rs.5824~~ | Rs.1800 |
| 19 શબ્દના | ~~Rs.6032~~ | Rs.1900 |
| 20 શબ્દના | ~~Rs.6240~~ | Rs.2000 |

022-40229684 • 8655185667
*શરતો લાગુ +5% GST Applicable

# ટ્વીટરના માધ્યમે ઘાટકોપરના જાગૃત નાગરિકે વર્ષ દરમ્યાન અનધિકૃત બેનર વિરુદ્ધ ચલાવી વિશેષ ઝુંબેશ










ઘાટકોપરના સ્થાનિક નાગરિક એ વર્ષ ૨૦૧૮-૧૯માં વિવિધ પાર્ટીઓએ જાહેર કરેલ બેનર ન લગાડવાના આદેશનો હવાલો આપી ટ્વીટરના માધ્યમે વિવિધ પાર્ટીઓના, આગેવાનોના તથા કમર્શિયલ પાર્ટી ઓના જાહેરાતોના અનધિકૃત બેનરો વિરુદ્ધ મનપાને વારંવાર સમયાંતરે ટ્વીટ કરી વિશેષ ઝુંબેશ ચલાવી હતી અને બેનર તુરંત જ કાઢી તેના પર યોગ્ય કાર્યવાહી કરાય તેવી માંગ કરી હતી.

twitter.com/SachinJParekh આ ટ્વીટર હેન્ડલ પર અનધિકૃત બેનરો ઝાડ પર લાગેલ સ્ટીકરોના અનેક ફોટાઓની ઘાટકોપરવાસીઓએ નોંધ લીધી હતી અને અનધિકૃત બેનર મુક્ત ઘાટકોપરની આ વિશેષ મોહિમને ટેકો આપ્યો હતો.

ઉલ્લેખનીય છે કે વિના રોકટોક અનધિકૃત બેનરો લાગતા રહ્યા છે પણ સચીન પારેખ જેવા બેનર વિરોધી કેમ્પેઈન ચલાવી રહેલ એક્ટિવીસ્ટની ફરિયાદ બાદ મનપા તે બેનર કાઢ્યા પણ છે પણ વારંવારની અનેક ફરિયાદો બાદ આ કાર્યવાહી થઈ હોવાનું તેમના ટ્વીટર એકાઉન્ટથી જણાઈ આવે છે. ટૂંકમા કહીએ તો તમામ પક્ષોની આ રીતે લગાડાતા બેનરો માટે મુક સંમતિ હોય તેવો માહોલ છે. પણ ઘાટકોપરવાસીઓ ૨૦૨૦માં બેનરમુક્ત ઘાટકોપરની આશા સેવી રહ્યા છે. (તમામ ફોટો twitter.com/SachinJParekh હેન્ડલ પરથી લેવામાં આવ્યા છે.






































# જગડુશા નગર શ્રી સિદ્ધેશ્વર મહાદેવ મંદિરમાં ભાગવત સપ્તાહ





શ્રી સિદ્ધેશ્વર મહાદેવ મંદિર, જગડુશા નગર ખાતે રોહિણી અશ્વિન વ્યાસ દ્વારા શનિવાર તા.૨૮ ડિસે. થી તા.૩ જાન્યુ. પર્યંત ભાગવત સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું છે. પૂ.શ્રી શ્યામસુંદરના મુખેથી પોથી રસપાન થયેલ. ગોવર્ધન પર્વત બહેનોએ બનાવી તેની પૂજા કરી તમામ પ્રસંગોમાં ઉત્સાહપૂર્વક જોડાયા હતા.











## જ્યોતિષ - પ્રકાશ જોષી

મોબાઈલ - ૯૯૬૯૦૪૪૪૮૧
Email : prakasjoshi@gmail.com

**મેષ (અ,લ,ઈ)** : ઋતુ પ્રકોપની વધારે અસર શ્વસનતંત્ર અને હાર્ટ પર રહેતી જોવાય. વધારે પ્રમાણમાં ન વકરે તે માટે પુરતા ઈલાજો કરી લેવા અથવા ધ્યાન આપવું જરૂરી છે. વધારાની આવક અંગેના અવસર સાથે ચાલુ આવક તથા કરેલા કામકાજોનું વળતર મળી રહેતા નાણાંકીય સ્થિતિ સારી રહેતી જોવાય. સ્થાવર જંગમ મિલ્કતોમાંથી આવક ઉભી કરવા માટે થોડો સમય રાહ જોવી પડે.

**વૃષભ (બ,વ,ઉ)** : ધીમો આરોગ્ય સુધારો થતો જોવાય. પરંતુ આરોગ્ય અંગે કાળજી લેવી જરૂરી થાય. નાણાં ભીડનો વધારે પડતો અનુભવ થાય. છતાં ધીમા સુધારા દ્વારા આગળ પર રાહત મળવા અંગેનો આશાવાદ કામકાજોમાં પ્રવૃત્ત રાખે. સ્થાવર-જંગમની ખરીદી થઈ શકે છે. પરંતુ પુરતી ચકાસણી અને દસ્તાવેજોની ચકાસણી કર્યા બાદ જ આગળ વધવું અત્યંત જરૂરી થાય છે. સાવધાની વર્તવી જરૂરી છે.

**મિથુન (ક,છ,ઘ)** : આરોગ્ય બાબતે નાની-મોટી તકલીફો રહ્યા કરતી જોવાય. સ્વાસ્થ્ય બાબતે પુરતી કાળજી લેવી અત્યંત જરૂરી થાય છે. વધારાની આવક મેળવવાની બાબતે સાહસ સટ્ટા, શેર-વાયદાના કામોમાં ચાક્કસ ગણતરી અને નાણાં સુરક્ષા બાબતો ને ધ્યાનમાં રાખી આગળ વધવું અત્યંત જરૂરી છે. ફસામણી ન થાય તે અંગે લાલચ અને આકર્ષણમાં ધ્યાન રાખવું અત્યંત જરૂરી થાય છે.

**કર્ક (ડ,હ)** : કામકાજો અંગે વધારે પ્રમાણમાં દોડાદોડી અને શ્રમ અંગેના અતિરેકથી બચવા પુરતો આરામ અને અને અસર અને ધ્યાન રાખવું અત્યંત જરૂરી થાય છે. કામકાજો મેળવવામાં સફળતા મળવાથી આવક અને નાણાંકીય રાહતનો અનુભવ લઈ શકાય તેમ છે. ઘરેલુ અને કામકાજના સ્થળે મરામ્મત અને ઈન્ટીરીયર અંગેના ખર્ચ કરવામાં નાણાં ખર્ચ કરવો પડે. નવી વસાવવી શક્ય થતી નથી.

**સિંહ (મ,ટ)** : શ્વસન તંત્ર અંગેના પ્રશ્નો પુરતી કાળજી અને પરહેજી વાળવાનું સુચન કરે છે. નજર અંદાજ કરવું ખર્ચાળ પુરાવાર થાય. હૃદયની પણ સમસ્યા અંગે સજાગ રહેવું અત્યંત જરૂરી થાય છે. વધારે પડતો આક્રોશ-ગુસ્સો ગરમા ગરમી અંગે સાવધ રહેવું અત્યંત જરૂરી છે. આવક દ્વારા દેવું ઓછું કરવાના પ્રયત્નોમાં કુદરતનો સાથ મળી રહે છે અને ઘર ખર્ચ પુરતા નાણાં મળવાથી રાહતનો અનુભવ થાય.

**કન્યા (પ,ઠ,ણ)** : કામણ-કુટણ મારણ ત્રાટક દ્વારા શારિરીક માનસીક તકલીફો અંગેના પ્રશ્નો ઉભા ન થાય તે અંગે સાવધાની વર્તવી અત્યંત જરૂરી છે. પુરતા પ્રમાણમાં સુરક્ષા અંગેના પગલાઓ લેવા અત્યંત જરૂરી છે. કમરદર્દ અંગેના પ્રશ્નો ઉપસ્થિત થઈ શકે છે. મહેમાનો આગંતુકો અતિથીઓ અંગે આગતા સ્વાગતાના ખર્ચ અને સમયની ફાળવણી કામકાજો અંગેના પ્રશ્નો ઉપસ્થિત કરી શકે છે, ધ્યાન રાખવું.

**તુલા (ર,ત)** : યાત્રા પ્રવાસ દરમ્યાન સ્વાસ્થ્ય અને શારિરીક તકલીફોમાં રાહત માટે દવા અને અન્ય વસ્તુઓ સાથે રાખવી અત્યંત જરૂરી છે. થઈ શકે તો યાત્રા પ્રવાસ ટાળવાના પ્રયાસો સ્વાસ્થ્ય માટે હિતકારક રહેતા જણાય. લાંબા અંતરેથી આવતા મહેમાનો અને સ્નેહીજનોની આગતા સ્વાગતા અંગે નાણાં અને સમય બન્નેનું સંતુલન કરવું અત્યંત જરૂરી થાય. આવક અંગેની આશા જળવાઈ રહે સ્તોત્ર મળે.

**વૃશ્ચિક (ન,ય)** : યાત્રા પ્રવાસ દરમ્યાન સ્વાસ્થ્યની કાળજી લેવી આવશ્યક થાય છે. આવક પ્રમાણેના ખર્ચાઓ થતાં રહેતાં હોવાથી બચત કરવી શક્ય નથી. પરંતુ વ્યવહારો જળવાઈ જવાથી રાહતનો અનુભવ લઈ શકાશે. વ્યવસાયમાં બદલી કે બઢતી મળતી જણાય છે પણ અપેક્ષા પ્રમાણેની ન મળવાનો રંજ પણ રહેતો જણાય છે. નવા કામ મળવા અંગેનો આશાવાદ ફળી શકતો જોવાય છે.

**ધન (ભ,ધ,ફ,ઢ)** : માનસીક અને શારીરિક સ્વાસ્થ્ય અંગેના પ્રશ્નો જક્કી રાખતાં જણાય છે. રાહત અંગે રાહ જોવી જરૂરી જણાય છે. માનસીક ચિંતામાંથી મુક્તી મળવાના પ્રસંગો અને યોજનાઓ સફળ થવા માટે થોભો અને રાહ જોવોનો નિયમ કામ લાગે. નાણાંકીય રાહત મળવા અંગે આશાવાદ કામમાં ચુસ્તી સ્ફૂર્તિપુર્વક આગળ વળવા પ્રેરક બળ સાબીત થાય. કામકાજ મેળવવામાં સફળતાનો આનંદ લઈ શકાય.

**મકર (ખ,જ)** : અકસ્માત ચીલ ઝડપ ગબન દ્વારા વસ્તુ હાથમાંથી જતી ન રહે તે અંગે સાચવવું અત્યંત જરૂરી છે. આગળ પર વાયુ-પિત્ત અંગે લાંબા સમય સુધી સાચવવું અત્યંત જરૂરી થાય છે. કરેલા કામકાજોનું વળતર મળી રહેતા નાણાંકીય રાહતનો અનુભવ રહે. સહાસ-સટ્ટા, શેર-વાયદાઓના કામોમાં સાવચેતી તથા સાવધાનીપુર્વક આગળ વળવું અત્યંત જરૂરી છે. નાણાંકીય રાહતનો અનુભવ રહેતો જોવાય.

**કુંભ (ગ,સ,શ,ષ)** : સ્વાસ્થ્ય અંગે પુરતી સંભાળ લઈ પ્રવાસ કરવો હિતકારક પુરાવાર થાય અને જરૂરી દવાઓનો પુરતો જથ્થો સાથે રાખવો અત્યંત જરૂરી થાય. સરકારી કામ ને શાસન તરફથી પ્રશ્નો ઉપસ્થિત થઈ શકે છે. સંભાળપૂર્વક કરવા જરૂરી થાય છે. નાણાંકીય ગરબડ ઉભી ન થાય કે આરોપ ન આવે તે અંગે સાવધાની વર્તવી. વધારાની આવક ઉભી કરવા થોભો અને રાહ જોયોની સ્થિતિ ઉપસ્થિત થાય.

**મીન (દ,ચ,ઝ,થ)** : કૌટુંબિક વ્યક્તિઓ તરફથી વધારે પ્રમાણમાં ઉશ્કેરાટનો અનુભવ થઈ શકે છે. સંબંધો સાચવવા તથા સ્વાસ્થ્ય બાબતે વધારે ધ્યાન રાખવું જરૂરી થાય છે. વ્યાપારના વ્યવહારો દ્વારા સારી આવક મેળવી શકાય સહાસ અને સટ્ટા તથા શેર-વાયદાના કામકાજો અંગે આવકની અપેક્ષા ફળીભુત થતી જણાય. સુખ પ્રાપ્તી અંગેની અપેક્ષાઓ પુર્ણ થવામાં કુદરતી સહાય મળી રહે.

## ચાલો નવા વર્ષે સંકલ્પ લઈએ... "કાંઈક બનજો જ"

- વિરલ સોમાણી (મો. ૯૦૨૯૮ ૯૦૨૮૯)

અબ્રાહ્મ લિંકનને જ્યારે પૂછવામાં આવ્યું કે "તમે અમેરિકાના પ્રમુખ્ય બન્યા તેમાં કોનો ફાળો સહુથી વધારે ? "

ત્યારે એમને જવાબ આપેલો કે "મારા આટલા બધા વિકાસમાં મારી માતાનો ફાળો સહુથી વધારે હતો."

"પણ એ તો તમે સાવ નાના હતા, ત્યારે મરણ પામેલાં, એવું સાંભળ્યું હતું."

"એ સાચુ છે. પણ મરતી વખતે મારી મા એ જે શબ્દો કહ્યા હતા એ મારા ઉપર જબરી અસર કરી ગયા હતા."

"કયાં હતા એ શબ્દો ? નાનકડા લિંકનની ગરીબ મા એ મરતી વખતે એનો હાથ પોતાના હાથમાં લઈને કહેલું કે "બેટા, કંઈક બનજે."

બસ, આ ત્રણ જ શબ્દોએ લિંકનના મનમાં પ્રેરણાનાં અજવાળા રેલાવી દીધાં. એ ગરીબ તો હતો જ પણ એણે નક્કી કર્યુ કે ગમે તેમ કરીને પણ માના પ્રેમભર્યા શબ્દોને સાચા પાડવા.

પણ ખાલી ખાલી બેસી રહીને કાંઈ શબ્દો સાચા પડી શકે કે ? એ માટે મહેનત કરવી પડે. ને એ પણ પાછી આંધળી મહેનત નહિ, વિચારપૂર્વકની મહેનત.

નાના લિંકને વિચાર કર્યો કે પોતે ગમે તેમ કરીને પણ ભણવું જોઈએ. એકવાર આ નિર્ધાર થયો એટલે એણે ભણવા માટેના જુદા જુદા રસ્તા વિચારવા માંડ્યા. ગામમાં શાળા ના હોય તો રોજ બહારગામ જવું, ચોપડીઓના હોય તો ઉછીની મેળવવી, ઉછીની ના મળે તો મહેનત મજૂરી કરવી, પૈસા મેળવવા ને પછી ચોપડીઓ ખરીદવી.

આઠ-દસ વર્ષની ઉંમરે આ કાંઈ સહેલું કામ ન કહેવાય. બીજો કોઈ કિશોર હોય તો સાવ કંટાળી જાય. પણ આ તો લિંકનનો પાકો નિર્ધાર હતો. વળી એને મા ના પેલા શબ્દો બરાબર યાદ આવતા હતા કે "બેટા, કાંઈક બનજે"

આ "કાંઈક" બનવાની પ્રેરણા એને સતત દોરતી રહી એ માટે અતૂટ મહેનત કરી લિંકન ક્યાં પહોચી ગયા એની આખી દુનિયાને ખબર છે. એ અમેરિકાના પ્રમુખ બની ગયા.

અત્રે અમેરિકાના સર્વોચ્ચ લોકપ્રિય પ્રમુખ અબ્રાહમ લિંકનની આ પ્રેરણાત્મક વાત આવેલા નવા વર્ષે યાદ કરવા જેવી છે. બધા જ લોકોને કાંઈ એના જેવા સંજોગોમાંથી પસાર થવાનું નથી આવતું. ને બધાને કાંઈ આટલી ઊંચી પદવીએ પહોંચી જવાની કોઈ જરૂર પણ નથી.

તો પણ મૂળ વાત તો પાકી જ રહે છે. દરેક વ્યક્તિએ કાંઈક બનવું જોઈએ. તે માટે ખંતપૂર્વક સખત મહેનત કરવી જોઈએ, ને સતત આગળ વધતા રહેવું જોઈએ.

જીવનમાં એવી અનેક પળો આવતી હોય છે, જેમાં આપણને હતાશ-નિરાશ થવાનો પ્રસંગ આવતો હોય છે. પણ તેથી શું થઈ ગયું ? જીવનમાં આવતી હતાશા નિરાશાને ખંખેરીને આગળ વધતા રહેવું જોઈએ. તો જ આપણું જીવન જીવ્યાનું સાર્થક ગણાશે. તે માટે આપણે હંમેશા આપણો આદર્શ ઊંચો જ રાખવો જોઈએ, અને તે આદર્શ સુધી પહોંચેલા આપણા માનસ હિરો સમાન આદર્શ પુરુષનું જીવન નજર સમક્ષ રાખવું જોઈએ.

તે આદર્શ પુરુષ શૂન્યમાંથી સર્જન કરી આપબળ પર આગળ આવેલ ઉદ્યોગપતિ મોટર-કારનાં પિતામહ ફોર્ડ કે કોમ્પ્યુટર અને મોબાઈલ ફોનની દુનિયામાં ક્રાંતિ લાવનાર એપલનાં સ્ટીવ જોબ્સ પણ હોઈ શકે. કે પછી રાષ્ટ્ર સેવા માટે પોતાના સર્વસ્વ જીવનનું બલિદાન આપનાર મહાત્મા ગાંધી પણ હોઈ શકે. તે આદર્શ વ્યક્તિ ભારતના નાના એવા રાંચી શહેરમાંથી આગળ આવીને પોતાની મહેનત અને આપબળે ભારત ક્રિકેટ ઈતિહાસનાં સર્વશ્રેષ્ઠ વિકેટકિપર કેપ્ટન બનનાર પ્લેયર મહેન્દ્રસીંઘ ધોની પણ હોઈ શકે. તે પુરુષ યુવાનો આદર્શ સમા અને માત્ર ૩૯ વર્ષની આયુમાં સમગ્ર વિશ્વમાં ભારતવર્ષનો ડંકો વગાડનાર સ્વામી વિવેકાનંદ પણ હોઈ શકે.

તે આદર્શ પુરુષ ૩૩ વર્ષની અલ્પઆયુમાં અધ્યાત્મના તમામ શીખરો સર કરનાર અને મહાત્મા ગાંધીનાં આધ્યાત્મિક ગુરુ સમાન શ્રીમદ્ રાજચંદ્ર પણ હોઈ શકે. કે પછી તે આદર્શ વ્યક્તિ કલકત્તાની સડકો-ગલીઓ ભૂખ્યા- લાચાર અને રક્તપિત્ત – કોઢ જેવા રોગીઓની સારવારમાં પોતાનું સમગ્ર જીવન સમર્પિત કરનાર મધર ટેરેસા પણ હોઈ શકે છે. આપની જેવી બનવાની ભાવના હોય તેવા વ્યક્તિનાં આદર્શને નજર સમક્ષ રાખીને આપણે તેમની પ્રેરણા-પાન દ્વારા આપણા જીવનને ઘડવાનો પ્રયાસ કરવો જોઈએ.

તેના માટે આત્મવિશ્વાસ, વીરતા, સાહસ, ધૈર્ય, પુરુષાર્થ, પ્રબળ ઈચ્છાશક્તિ સાથે આ જીવનયુદ્ધનો સામનો કરવો એ જ શ્રેષ્ઠ વિકલ્પ છે. વ્યક્તિએ માત્ર પોતાનું કુટુંબ – પરિવાર જ કેમ સુખી થાય કે આગળ વધે તેટલું જ નહિ, પરંતુ તેનાથી પણ આગળ વધીને રાષ્ટ્ર, સમાજ, ધર્મ, કે માનવ કલ્યાણનાં કાર્યો કેવી રીતે થાય તે માટે પણ વિચારવું જોઈએ અને તે પ્રમાણેનો પુરુષાર્થ કરવો જોઈએ. તો જ આપણું આ પૃથ્વી પર પરમાત્માએ આપેલું જીવન સાર્થક લેખાશે.

તો ચાલો આજે આપણે આવેલું નવું વર્ષ સન્ ૨૦૨૦ માં અમેરિકાના પ્રમુખ અબ્રાહમ લિંકનની ઉપરોક્ત પ્રેરણાદાયક વાર્તામાંથી બોધપાઠ લઈને આપણે પણ લિંકનની જેમ સ્વયં પોતાના માટે "કાંઈક બનવા" નો સંકલ્પ લઈએ. તેમજ તે સાથે રાષ્ટ્ર, સમાજ, ધર્મ, કે લોકકલ્યાણની ઉન્નતિના કાર્યમાં શક્ય તેટલું આપણું યોગદાન આપવાનો પ્રયત્ન કરીએ.

# મુંબઈમાં સૂકા કચરાનો નિકાલ કોન્ટ્રેક્ટર દ્વારા કરાવવાની મનપાની યોજના

મનપા દ્વારા ઘનકચરા વ્યવસ્થાપન નિયમ ૨૦૧૬ અંતર્ગત હાઉસિંગ સોસાયટીઓને કચરાનું વ્યવસ્થાપન કરવાનું ફરજિયાત કરવામાં આવ્યું છે, જેમાં ૨૦ હજાર ચોરસ મીટર કરતાં મોટી હાઉસિંગ સોસાયટી અને ૧૦૦ કિલો કરતાં વધુ કચરો નિર્માણ કરનારી ઈમારત તથા એસ્ટાબ્લિશમેન્ટ માટે ભીના કચરાનું વ્યવસ્થાપન કરવાનું ફરજિયાત કરવામાં આવ્યું છે.




પાલિકાએ નાગરિકોને સૂકા અને ભીના કચરાનું વર્ગીકરણ કરવાનો નિર્દેશ કર્યા બાદ પાલિકા તરફથી ૩૮ સૂકા કચરા વર્ગીકરણ કેન્દ્ર સામાજિક સંસ્થાઓને ચલાવવા માટે આપવામાં આવ્યા છે. તેમ જ ૯૬ ટેમ્પો સૂકો કચરો ભેગો કરવા માટે અપાયા છે. પાલિકા તરફથી કચરો જમા થાય છે તેમાં મોટાભાગના રહેવાસીઓ તરફથી સૂકા અને ભીના કચરાનું વર્ગીકરણ કરવામાં આવે છે. રહેવાસીઓ ભીનો અને સૂકો કચરો અલગ અલગ કરતા હોવા છતાં પાલિકાના વાહનમાં તે એકત્રિત કરીને લઈ જવામાં આવતો હોવાની ફરિયાદો આવી રહી હતી. તેથી સૂકા કચરાનો નિકાલ લાવવા માટે પાલિકાએ ખાનગી એજેન્સી નીમીને કાર્યવાહી કરવાની યોજના બનાવી છે, જેમાં સુકા કચરાને પ્રોસેસ કે રીસાયકલ કરવા માટે પ્લાન્ટ નાખવા માટે જમીન ખાનગી કોન્ટ્રેક્ટરને મહાપાલિકા ફીમાં આપશે. કોન્ટ્રેક્ટરના કર્મચારીઓ ઘર-ઘર જઈને કચરો ભેગો કરશે અને તેનો નિકાલ લાવવાની જવાબદારી પણ કોન્ટ્રેક્ટરની જ રહેશે. પાલિકાની આ યોજનાને કારણે બહુ જલદી મુંબઈના સૂકા કચરાની સમસ્યાનો નિકાલ આવશે એવો દાવો પાલિકા પ્રશાસને કર્યો છે.

આ યોજના અંતર્ગત પાલિકા તરફથી ગ્લોબલ ટેન્ડર મગાવવામાં આવ્યા હતા. જોકે સુકા કચરાના વર્ગીકરણ અને પ્રોસેસિંગ માટે હાલ ફક્ત દક્ષિણ મુંબઈ માટે જ ખાનગી કંપની નક્કી થઈ છે. આ કંપનીના માધ્યમથી કોલાબામાં કચરાના વર્ગીકરણ કેન્દ્ર ચાલુ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો પણ તમામ પક્ષના નગરસેવકોએ આ પ્રકરણમાં પ્રશાસન પાસેથી ખુલાસો માગીને આ પ્રસ્તાવ રોકી રાખ્યો હતો. પ્રશાસને તેના પર અભિપ્રાય આપતા ૨૪ વોર્ડમાં ૪૬ ઠેકાણે કચરા વર્ગીકરણ કેન્દ્રનું નિર્માણ કરવામાં આવ્યું હોવાનું અને ખાનગી સંસ્થા મારફત આ કેન્દ્ર ચલાવવામાં આવી રહ્યું હોઈ ઘર-ઘરમાં જઈને કર્મચારીઓ કચરો ભેગો કરશે એવો જવાબ સંબંધિત અધિકારીએ આપ્યો હતો.

પાલિકા નવેસરથી કચરા વર્ગીકરણ કેન્દ્રનો પ્રસ્તાવ ફેરમંજૂરી માટે લાવી છે તેથી કદાચિત તેની સામે ફરી વિવાદ થવાની શકયતા હતી જ.

શુક્રવારે ફરીથી આ પ્રોજેક્ટ સ્થાયી સમિતિમાં તે મંજૂરી માટે આવ્યો હતો. નિયમ મુજબ મનોરંજન અને રમતગમતના મેદાનમાં આ બાંધકામ કરવા સામે પ્રતિબંધ છે, છતાં આ વર્ગીકરણ કેન્દ્ર કોલાબાના સુરક્ષા ગાર્ડનમાં કેવી રીતે બાંધવામાં આવવાનું છે? એ બાબતે નગરસેવકોએ પ્રશાસનને સવાલ કર્યા હતા. તેમ જ શહેરનો સૂકો કચરો કોલાબામાં કેવી રીતે લઈ જવામાં આવશે? નિયુક્ત કરવામાં આવેલી કંપની સૂકો કચરો વેચીને પૈસા લેશે તો પાલિકાને તેમાં શું ફાયદો? જેવા બીજા અનેક સવાલ નગરસેવકોએ આ પ્રસ્તાવના વિરોધમાં કરી તેને રોકી લીધો હોઈ હાલ પૂરતો આ પ્રોજેક્ટ અટવાઈ ગયો છે.

WEDDING CARDS
CUSTOMISED
E - Wedding Card
કંકોતરી
માંગલિક વિગતો
VENUE :
GEEKAY
90 Feet Road, Opp. Kailash Tower, Ghatkopar (E), Mumbai-75.
2506 2626 • 98337 73744
Jayant Vora: 75066 25702
E-mail: info@geekaycorp.com
kankotary.com
designer indian wedding cards
DAY & TIMING :
Monday to Saturday
Morning 10.00 am to 6.30 pm
With prior appointment
Specialist E - Wedding Invitation
કુમકુમ પત્રિકા • વેવીશાળ પ્રસંગ
ગરબા પાર્ટી • સંગીત સંધ્યા
મહેંદી રસમ • લગ્ન જયંતી
ઈન્વીટેશન માટે બેબી શાવર
અન્ય શુભ પ્રસંગો
॥ શ્રી ગણેશાય નમઃ ॥ ॥ શ્રી મહાવીરાય નમઃ ॥
॥ કુળદેવી માતાની કૃપા હોજો ॥
શ્રીમાન/શ્રીમતી
ઘર આંગણે લગ્નનો રૂડો અવસર હોય મનમાં અનેરો ઉમંગ હોય, પ્રસંગને ધામધૂમથી ઉજવવાના ઓરતા હોય એટલે ઘણાં બધા કામો પાર પાડવાના હોય.
આ બધા કામોમાં કુમકુમ પત્રિકાની પસંદગી તથા તેને સુઘડ રીતે છપાવી સમયસર તૈયાર કરાવવી તે પણ તેટલું જ અગત્યનું કામ હોય છે. આ માટે બે થી ચાર વખત તળ મુંબઈના ધક્કા, સમયસર કામ થાય તે માટે ફોનથી યાદી આપવી વગેરેમાં આપના કિમતી સમયનો વ્યય થાય છે.
પરંતુ હવે આવું નથી
GEEKAY રજૂ કરે છે.
ઘાટકોપરના આંગણે સુવિધાજનક સ્થળે કુમકુમ પત્રિકાની વિશાળ શ્રેણી
આવો, અમારા આધુનિક Invitation boutique ના આરામદાયક વાતાવરણમાં વિનયી અને સેવા-તત્પર સ્ટાફ કુમકુમ પત્રિકા પસંદ કરવામાં આપને સહાય કરશે. આપ ઈચ્છો તો અમારું ડીઝાઈન સેન્ટર આપની મનપસંદ આગવી ડીઝાઈનમાં કુમકુમ પત્રિકા બનાવી આપશે.
બદલાતા સમય સાથે જ્યારે કુમકુમ પત્રિકા પણ તમારા વ્યક્તિત્વન અભિવ્યક્તિ કરે તેવી હોવી જોઈએ તો કુમકુમ પત્રિકા બનાવવાન વ્યવસ્થા પણ તેની સમકક્ષ શા માટે ન હોય!
આજે જ અમારા Invitation boutique માં પધારીને ખાત્રી કરી લેશો.
ભવદિય
ધીરેન કોઠારી
Marriages are made in HEAVEN & invitation cards are printed at GEEKAY

ચલો લઈએ કાળજી તેની જે કાળજી લેછે સંપૂર્ણ કુટુંબની


આહાર અને યોગ્ય જીવનશૈલી માટે
અનુભવી ડૉક્ટરોની સલાહ
અને મહત્વની તપાસણી કરાવો
અને આખુ વર્ષ આરોગ્યનું રક્ષણ કરો
નિદાન હૃદય સંગિની કેઅર પ્લાન
₹4900 ફક્ત ₹599
તમે બચાવશો ₹4301
પ્લાન અંતર્ગત : કોમ્પ્યુટરાઈઝ્ડ સ્ટ્રેસ ટેસ્ટ ૧ વખત, ઈ.સી.જી., એસ.પી.ઓ.ટૂ., આર.બી.એસ. (રેન્ડમ બ્લડ શુગર), હાર્ટ રેટ, બી.એમ.આય., બી.પી. અને વૈદ્યકીય સલાહ ૫ વખત, ડાયટ ચાર્ટ ૧ વખત
*મર્યાદિત સમય માટે
પ્રતિદિન ફક્ત ₹1.66 માં
કોલ કરો
8530462255
માધવબાગ
મલ્ટીડિસિપ્લિનરી કાર્ડિએક કેઅર ક્લિનિક્સ અને હૉસ્પિટલ્સ
એડ્રસ - માધવબાગ ક્લિનીક, નવદુર્ગા એપાર્ટમેન્ટ, પહેલા માળે, ઓધડભાઈ લેન, હોટલ પુજા પાસે, ઘાટકોપર(ઈસ્ટ).
તેમજ લોગ-ઈન કરો www.madhavbaug.org
200 ક્લિનિક્સ • 2 હૉસ્પિટલ્સ • 25 ઓપીડીઝ

# કચ્છ જલધારા ટ્રસ્ટના જલસંચય અભિયાનમાં નલીયાના મુંબઈવાસીઓ જોડાયા





કચ્છમાં વરસાદી પાણીનો વધુમાં વધુ સંગ્રહ કરીને કચ્છમાં પાણીની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવાના ઉમદા ઉદ્દેશથી દાનવીર ઉદ્યોગપતિ શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી જેના મુખ્ય સૂત્રધાર છે એવા જલધારા ટ્રસ્ટના અથાક પ્રયાસોથી પ્રભાવિત થઈ આ અભિયાનને પ્રોત્સાહન આપવાના શુભ આશયથી નલીયાના સર્વ તળાવોનું નવનિર્માણ કરી તેમની જલસંગ્રહ ક્ષમતા વધારવા અંગે વિચારણા કરવા મુલુંડવાસી નલીયા મિત્ર મંડળના નેજા હેઠળ રવિવાર, તા.૨૯-૧૨-૨૦૧૯ના મૂળ ગામ કચ્છ નલીયાના સર્વ જ્ઞાતિના સભ્યોની એક મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું.



આ મીટીંગમાં કચ્છ જલધારા ટ્રસ્ટ વતીથી ટ્રસ્ટીઓ શ્રી અરૂણભાઈ ભીંડે અને કિશોરભાઈ ચંદન અને મનજીભાઈ ભાનુશાલી વતી અને કાંતિભાઈ કટારીયા ઉપસ્થિત રહીને કચ્છ અને ખાસ કરીને નલીયામાં જળસંગ્રહ અંગે માર્ગદર્શન આપ્યું હતું, જેમાં તેમણે જણાવ્યું હતું કે આ વર્ષે કચ્છમાં ૩૦ ઈંચ વરસાદ થયો છતાં બે મહિનામાં તળાવો અને ડેમો સૂકાઈ જશે. એ પાણી માટેના આયોજનનો અભાવ છે. નલીયામાં કુલ ૧૮ એકર વિસ્તારના ૩ તળાવો છે તેમાં ખાણેતરૂ કરવું, તળાવની બાઉન્ડ્રી કરવી, તળાવની બાજુમાં અવાડો કરવો અને કબૂતરો કરવો. આ કામ માટે સરકાર તરફથી કુલ ખર્ચના ૮૦ ટકા સબસીડી આપવામાં આવે છે અને ૨૦ ટકા લોકભાગીદારીથી ગામવાસીઓએ આપવાના રહે છે. આ મીટીંગમાં હાજર રહેલ સર્વ જ્ઞાતિના સભ્યોએ પોતાનો પ્રતિભાવ આપ્યો હતો અને આ કાર્ય બને તેટલી જલદી હાથ ધરવાનો મત વ્યક્ત કર્યો હતો. આ સભામાં નલિયાવાસી ઈન્કમ ટેક્સ ડેપ્યુટી કમિશ્નર દિલીપ નાગડાની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.

મીટીંગમાં ચર્ચા વિચારણા બાદ આ કાર્યમાં પાંચ સભ્યોના માર્ગદર્શન હેઠળ આગળ વધવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જેમના નામ આ પ્રમાણે છે (૧) ગૌતમભાઈ શાસ્ત્રી (૨) જયંતભાઈ છેડા (૩) લહેરીભાઈ ભાનુશાલી (૪) અનિલભાઈ દાવડા (૫) નાનજી સુંદરજી સેજપાલ. આ સમિતિ કચ્છ જલધારા ટ્રસ્ટના માર્ગદર્શન હેઠળ નલીયાના તળાવોનું નવનિર્માણ કરવા જિલ્લા તેમજ રાજ્ય સ્તરે યોગ્ય કાર્યવાહી કરશે અને આ કાર્યક્રમને આગળ ધપાવવા માટે સ્થાનિક ગામવાસીઓની વિશેષ જરૂરત રહેતા એક મિટીંગ રવિવાર, તા.૧૨ જાન્યુઆરીના રોજ ચંદ્રપ્રભુ અતિથિગૃહમાં બપોરના રાખવાનો નક્કી કરેલ છે અને આગળની કાર્યપધ્ધતિને વેગ આપવામાં આવશે.

આ સમિતિના સભ્યો ઈચ્છે છે કે આ કાર્ય માટે મુલુંડના નલીયાવાસીઓ સાથે સમસ્ત મુંબઈના નલીયાવાસીઓ જોડાય તો આ કાર્યને વેગ મળે. આ માટે સમસ્ત મુંબઈના નલીયાવાસીઓની એક લોકસમિતિનું ગઠન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. નલીયા ગામની મુંબઈના કોઈપણ પરામાં વસતી કોઈપણ જ્ઞાતિની વ્યક્તિ આ લોકસમિતિમાં જોડાઈ શકે છે. ઈચ્છુક વ્યક્તિઓએ જયંત છેડા-૯૩૨૨૨૫૭૭૩૧ અથવા અનિલ દાવડા-૯૮૨૦૦૭૦૪૨૩નો સંપર્ક કરવા વિનંતી.

## બાય બાય ૨૦૧૯! વેલકમ ૨૦૨૦!!



સવારે છાપુ ઉચકીએ તો છાપાઓમાં જોઈએ ૨૦૨૦ વર્ષને વેલકમ કરતા ફોટાઓ, whatsApp પર એટલા બધા મેસેજીસ હોય કે ઘણીવાર વાંચીએ પણ નહી ને ફોરવર્ડ કરી નાખીએ જાણે એક કામ પતાવું પણ હકીકતમાં આપણે જે વર્ષ વીતી ગયું ૨૦૧૯ની સાલ, તે કેવું ગયું, કેવા કેવા બનાવો બન્યા, સારા કે ખરાબ એ બધામાંથી શું શીખવા મળ્યું તે જાણવા કરતા આપણે competition અને comparison life જીવીએ છીએ, આપણે મોબાઈલની પાછળ એટલા વ્યસ્ત થઈ ગયા છીએ કે આજે બધા Good Morning, Good Night, Happy Birthday Happy Anniversary, Whatapp Msgs નાખી કોન્ટેકમાં રહીએ છીએ. હકીકતમાં લાગણીઓ ઓછી થઈ ગઈ છે. આવા જવામાં બધાના ઘરે ફરક પડી ગયું છે. અડધો દિવસ તમારો Msgs delete કરવામાં જાય છે. પણ આપણે વીતેલો વર્ષમાં આપણે જીંદગીમાંથી શું delete કરવું ને શું સારુ પ્રાપ્ત કરવું એ નથી કરતા. જેમ વર્ષો બદલ્યા કરે એમ આપણા જીવનનો એક એક દિવસ, એક એક વર્ષ ઓછુ થતું જાય છે. બચેલા દિવસોમાં સારું જીવન જીવીએ એવું સંકલ્પ કરીએ કોઈને મદદરૂપ થઈએ. આગામીઓના ટેરવાથી ટચ સ્ક્રીનમાં ટચ કરીને કોન્ટેકમાં રહેવા કરતા હલો મલો વાતો કરો મજાક મસ્તી કરો જે જીવનભર યાદગાર રહે ટચમાં રહે નવું વર્ષ ૨૦૨૦ની સાલ બધાની સરસ જાય એવી શુભકામના પાઠવું છું.

– જસ્મીના છેડા

## ૨૦૨૦માં અગત્યના દસ્તાવેજો ઉપર તારીખ લખતી વખતે સાવધાન!

ઈ.સ.૨૦૨૦માં ક્યાંય પણ અને ખાસ કરીને ચેક તેમજ અગત્યના દસ્તાવેજો પર તારીખ લખતી વખતે વર્ષ ચાર આંકડામાં પુરે પુરુ લખવું. દા.ત.૩૧-૦૧-૨૦૨૦ બે આંકડામાં નહીં દા.ત.૩૧-૦૧-૨૦ આમ કરવા પાછળનું કારણ એ છે કે કોઈપણ વ્યક્તિ તેમાં બે પાછળ આંકડા ઉમેરી છેતરપીંડી કરી શકે છે. દા.ત.૩૧-૦૧-૨૦૦૦ અથવા ૩૧-૦૧-૨૦૧૯.

આ સમસ્યા માત્ર ૨૦૨૦ના વર્ષ પૂરતી જ રહેશે તેથી આ બાબતે સાવધાની રાખી વર્ષ ફક્ત ૨૦ એમ લખશો નહીં કે એ રીતે લખેલા દસ્તાવેજો સ્વીકારશો નહીં.

## ટેક્સી અને રિક્ષા ચાલકોના યુનિયનની ભાડું વધારવા માગણી

મુંબઈ ટેક્સીમેન્સ યુનિયને શહેરમાં દોડતી કાળી પીળી ટેક્સીનું લઘુતમ ભાડું ૨૨ રૂપિયાથી વધારીને ૨૫ રૂપિયા કરવાની માગણી કરી છે. યુનિયન નેતા એ.એલ. ક્વોડ્રાએ આ માગણી કરી હતી.

મુંબઈ રિક્ષામેન્સ યુનિયને પણ રિક્ષાનું લઘુતમ ભાડું ૧૮થી વધારીને ૨૦ રૂપિયા કરવાની માગણી કરી છે. યુનિયનના જનરલ સેક્રેટરી થમ્પી કુરિયને આ માગણી કરી છે ક્વોડ્રાએ જણાવ્યું હતું કે કાળી-પીળી ટેક્સીનું ભાડું ત્રણ વર્ષથી વધારવામાં આવ્યું નથી.

હકીમ કમિટીની ફોર્મ્યુલા પ્રમાણે ટેક્સીનું લઘુતમ ભાડું પાંચ રૂપિયા વધવું જોઈએ અને તે ૨૭ રૂપિયા થવું જોઈએ પરંતુ અમે પ્રવાસીઓના હિતને ધ્યાનમાં રાખીને માત્ર ત્રણ રૂપિયા વધારવાની માગણી કરી છે.

## આબુમાં યોજાયેલ ફ્યુચર ઓફ પાવર રિટ્રીટમાં ૨૦૦ મહેમાનોએ ભાગ લીધો

ફ્યુચર પાવર ટીમે ૬ થી ૯ ડિસેમ્બર સુધી આબુના મનમોહિની કોમ્પ્લેક્સમાં ફ્યુચર ઓફ પાવર રિટ્રીટનું આયોજન કર્યું હતું. દેશ વિદેશના ૨૦૦ જેટલા મહેમાનોએ આ કાર્યક્રમમાં હાજરી આપી હતી.

કાર્યક્રમમાં હિસ્સો લેનાર મહેમાનોને અધ્યાત્મિક શક્તિનો અનુભવ કરાવવા તેમ જ અંતરની યાત્રા કરાવવા માટે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં બે દિવસની અંદર ૧૭ સેશન્સ રાખવામાં આવ્યા હતા. કાર્યક્રમ બાદ રવિવારે યોજાયેલી ફીડબેક સેશન્સમાં મહેમાનોએ પોતાને મળેલા સમૃદ્ધ અનુભવોનું વર્ણન કર્યું હતું.






# શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક મંડળ, ઘાટકોપર દ્વારા સ્નેહમિલનનો કાર્યક્રમ યોજાયો








શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક મંડળ, ઘાટકોપરનાં ઉપક્રમે આયોજિત સભ્યોનો સ્નેહમિલનનો ભવ્ય કાર્યક્રમ ગત રવિવારે તા.૨૯/૧૨/૧૯ના રોજ ઝવેરબેનહોલ, રાષ્ટ્રીય શાળા ખાતે સફળતા પૂર્વક સંપન્ન થયો. જેમાં દર વર્ષે વિદ્યાર્થીઓને ઈનામો, સન્માનપત્રો અર્પણ કરવા સાથે તપસ્વીઓનું બહુમાન કરવામાં આવે છે. આ વર્ષે વિશેષ બહુમાન ૪૦ થી ૬૦ વરસો તન, મન અને ધનથી સેવા દ્વારા સમાજને અર્પણ કરનાર શ્રી વિનોદભાઈ પ્રીતમલાલ શાહ (ચીફ મેન્ટર), શ્રી રજનીભાઇ પ્રભુદાસ શાહ (લાઈફ ટાઈમ એચીવમેન્ટ), શ્રી ગીરધરલાલ અમીચંદ કુવાડીયા (લાઈફ ટાઈમ એપ્રીસીએશન), શ્રીમતી લીલાબેન પદમશીભાઈ શાહ (નારી રત્ન)નાં એવોર્ડઝ ધ્વારા વાજતે ગાજતે કરવામાં આવ્યું જેથી સમાજસેવા માટે નવી પેઢીને પ્રોત્સાહન મળે.

વૈશાલી કરાણીએ નીતનવી ગેમ્સ ધ્વારા પ્રેક્ષકોનું સુંદર મનોરંજન કર્યું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મંત્રી શ્રી દિપક બગડીયાએ બખૂબીપૂર્વક કરેલ.

મેનેજીંગ ટ્રસ્ટી શ્રી બીપીનભાઈ વોરા અને પ્રમુખ શ્રી બીપીનભાઈ શાહની ટીમે આ કાર્યક્રમ સભ્યોની શાબાશી સાથે સોટચ સફળતા પૂર્વક પાર પાડ્યો. અંતમાં બપોરે સ્વાદિષ્ટ ભોજન બાદ વાહ વાહના સૂર સાથે સૌ છૂટા પડ્યા.

આ પ્રસંગે મંડળ ની કમિટી કાર્યકરોનો અને સર્વે સભ્યોનો હૃદય પૂર્વક આભાર માને છે.

## વડી દીક્ષા નિમિતે તક્તી અનાવરણ સમારંભ રાજાવાડી ઉપાશ્રય ખાતે સંપન્ન



પૂ ગુરુદેવ ધીરજમુની મ.સાહેબ તથા પૂ. ભારતીબાઈ મ.સ.ના સાંનિધ્યમાં નૂતન દિક્ષીત પૂ.રત્નજ્યોત મ.સ.ની વડી દીક્ષા સંપન્ન થઈ છે. આ નિમીતે રવિવાર, તા.૨૯-૧૨-૨૦૧૯ના તકતી અનાવરણનો કાર્યક્રમ શ્રી રાજાવાડી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ ઉપાશ્રય ખાતે યોજવામાં આવેલ.

માતુશ્રી મણીબેન માવજીભાઈ વેરા પરિવાર અને યોગેશભાઈ બાવીસીની તકતીનું અનાવરણ આ પ્રસંગે થયેલ. કાર્યક્રમ બાદ ગૌતમ પ્રસાદ રાખવામાં આવેલ.

સંઘના પ્રમુખ ચંદ્રકાંતભાઈ અજમેરા તથા ગારોડીયા સંઘના પ્રમુખ હસમુખભાઈ અજમેરા, રાજાવાડી સંઘના ટ્રસ્ટી, કારોબારી સમિતિના સભ્યો વગેરે મહાનુભાવોની ઉપસ્થિતિમાં આ સંપૂર્ણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.





## श्री दिगम्बर जैन महासमिति

### ऊर्जा संभाग, मुंबई











आज दिनांक १७ दिसंबर २०१९, पोदनपुर मंदिर जी, बोरीवली(मुम्बई) में भक्ताम्बर के अधिपति मूलनायक देवाधिदेव १००८ श्री आदिनाथ भगवान के समक्ष महासमिति द्वारा आयोजित भक्ताम्बर विधान बड़े ही भक्ति-भाव संगीतमय माहौल में देश की ख्याति प्राप्त हस्तियों के साथ सानंद सम्पन्न हुआ।

विधान में विशेष तौर पर पधारी हमारी राष्ट्रीय अध्यक्षा श्रीमती शीला जी डोडिया साथ में सबके आकर्षण का केंद्र श्रीमती सुशीलाजी अशोक जी पाटनी (आर.के.मार्बल्स, किशनगढ़) आपने मंगल ध्वज पताका मंत्रोच्चार के साथ फहराया तथा श्रीमती रंजना जी जैन बिलासपुर (कोयला वाले) भी मौजूद थी। मंगल कलश की स्थापना श्रीमती रजनी तरूण जी काला, मुम्बई ने की।

वितराग प्रभु के मस्तक पर शंति धारा करने का सौभाग्य मंदिर के अध्यक्ष श्रीमान दिलीप जी घेवारे, ठाणे और श्रीमान पंकज जी जैन जुहू कोप्राप्त हुआ। विधान में पंडित जी पवनकुमार जी गजपंथा का सानिध्य मिला साथ में संगीतकार नीलेश जी नयन जैन एवं ग्रुप ने माहौल पूरा भक्तिमय कर दिया।

विधान में संस्कार धाम न्यास समिति, मुम्बई से श्री किरिट भाई दोशी गोरेगाँव तथा पवन जी जैन मलाड मौजूद थे। श्री सुमेर जी काला, अजित भाई गांधी और सुधीर जी गोधा ने भी अपनी उपस्थिति दर्ज करवाई। अमेरिका से पधारी श्रीमती सरोज जी तथा श्रीमती पद्मा पंकज जी, श्रीमती इंदु प्रभात जी, श्रीमती अंजना कैलाश जी, श्रीमती ममता दिनेश दिनेश जी, श्रीमती नीलिमा सुधीर जी, श्रीमती मीना राजेन्द्र जी, -- जी, श्रीमती निधि सचिन जी, श्रीमती नम्रता बडकुर, श्रीमती रश्मी अक्षय जी पतंगीया आप सभी ने अपनी चंचल लक्ष्मी का सदुपयोग करके विधान को सफल बनाने में अपनी उपस्थिति दर्ज करवा कर अहम भूमिका निभाई। डॉक्टर सुजाता जी ने भक्ताम्बर स्त्रोत की विशेष महिमा बताई।

विधान में मंदिर जी के ट्रस्टी गण का सहकार मिला उनका भी आभार। महिला महासमिति ऊर्जा संभाग की संस्थापक अध्यक्ष श्रीमति संगीता कासलीवाल और वर्तमान अध्यक्ष श्रीमति निधि जैन, निधि जैन, नीता जी जैन द्वारा लिखी गई, कार्यकर्ताओ द्वारा मानतुंग आचार्य की महिमा नामक हृदयस्पर्शी नाटिका प्रस्तुत की गयी।

हम महासमिति की ओर से विधान से जुड़े सभी धर्मप्रेमी बिन्दुओं का बाहर से पधारे विशेष अतिथिगण का मुम्बई जैन समाज का हमारे कार्यकर्ताओं का मन से आभार व्यक्त करते है हम सब का नाम संदेश में नही लिख सकते लेकिन जिनका नाम इसमे नही है उनकी भूमिका भी किसी से कम नही थी। आप सब के सहयोग से आज एक बहुत ही शानदार अनुष्ठान सफल हो सका।

# વોઈસ ઓફ ઘાટકોપર દ્વારા લગ્ન ઈચ્છુક યુવક-યુવતીઓની યાદી

| નામ | જન્મતારીખ | ઉંચાઈ | અભ્યાસ | વ્યવસાય | જ્ઞાતિ | સંપર્ક |
|---|---|---|---|---|---|---|
| | | | યુવકો | | | |
| કુનાલ ભદ્રેશ શાહ | ૦૭-૦૮-૧૯૯૧ | ૫'૮'' | બી.કોમ | બિઝનેસ | ૪૭ જ્ઞાતિ જૈન દેરા. | ૯૯૩૦૪૩૦૧૩૦ |
| હર્ષ રશ્મિકાંત દોશી | ૧૩-૦૯-૧૯૯૩ | ૫'૫'' | બી.કોમ | બિઝનેસ | દશા.સ્થા.જૈન | ૭૭૧૫૦૯૯૭૧૮ |
| હિતેશ શાહ (વિધુર) | ૦૯-૦૨-૧૯૭૧ | ૫'૬'' | બી.કોમ | બિઝનેસ | વિશા.સ્થા.જૈન | ૯૮૯૮૫૯૧૯૧૧ |
| નિશિથ વિનોદચંદ્ર શાહ | ૦૮-૦૭-૧૯૮૭ | ૫'૧૦'' | સી.એ. | સર્વિસ | વિશા.ઓસ.જૈન દેરા. | ૯૮૨૦૦૧૩૬૨૩ |
| વિવેક દિપક રૈયાણી | ૧૨-૧૨-૧૯૯૭ | ૫'૬'' | એચ.એસ.સી. | બિઝનેસ | હિંદુ લેઉવા પટેલ | ૯૯૭૯૫૭૬૧૫૪ |
| નિલેશ નંદલાલ વાસાણી | ૧૫-૦૩-૧૯૭૪ | ૫'૩'' | બી.કોમ, ડિપ્લો.ટેક્સ | બિઝનેસ | ઝાલા.વિશા.સ્થા.જૈન | ૮૧૬૦૮૮૮૬૮૦ |
| સુયશ મહેતા | ૦૫-૧૦-૧૯૮૪ | ૫'૭'' | એચ.એસ.સી. | બિઝનેસ | જૈન દેરાવાસી | ૯૪૨૬૩૩૯૫૭૯ |
| પ્રતિક હર્ષદ ગોસલીયા | ૨૪-૦૧-૧૯૮૪ | ૫'૭'' | બી.એ. વીથ પોલીટીક્સ | બિઝનેસ | દશા.સ્થા.જૈન | ૯૯૨૪૩૯૦૧૫૩ |
| દર્શન આર. સંઘવી | ૧૨-૦૧-૧૧૯૨ | ૫'૬'' | બીબીએ | બિઝનેસ | વિશા.સ્થા.જૈન | ૯૮૨૪૨૪૩૦૨૪ |
| ગૌરાંગ ગજેન્દ્ર શાહ | ૦૩-૦૬-૧૯૮૩ | ૫'૬'' | એમ.કોમ | સર્વિસ | - | ૯૮૯૮૩૭૪૨૫૩ |
| રિદ્ધિશ ચંદ્રકાંત શાહ | ૨૮-૦૨-૧૯૭૮ | ૫'૪'' | બી.કોમ | બિઝનેસ | વિશા.સ્થા.જૈન | ૯૮૯૮૧૫૬૪૧૬ |
| જીગર હરેશ પાલીચા | ૧૨-૦૬-૧૯૯૦ | ૫'૭'' | બી.ઈ. ઈન પોલીમર્સ | સર્વિસ | કચ્છી ભાટીયા | ૯૯૬૭૦૯૩૨૨૫ |
| અંકિત હરેશ સખપારા | ૨૨-૧૧-૧૯૮૮ | ૬'૧'' | એચ.એસ.સી. | સર્વિસ | દશા.સ્થા.જૈન | ૭૩૦૩૦૨૭૫૫૯ |
| પૂનિત પ્રશાંત દોશી | ૨૬-૦૨-૧૯૮૬ | ૫'૭'' | બેચલર ઓફ એન્જી.ઈન મેકેનીકલ | સર્વિસ | શ્વે.દશા.જૈન | ૮૮૬૬૬૧૧૪૪૩ |
| ભાવિન ધામેચા | ૦૪-૧૦-૧૯૮૩ | ૫'૬'' | એસ.એસ.સી | બિઝનેસ | દરજી | ૯૮૧૯૮૦૪૯૯૭ |
| પાર્થ રાજેશ ગાંધી | ૨૫-૧૦-૧૯૯૨ | ૫'૭'' | એસ.એસ.સી | સર્વિસ | દશા.સ્થા.જૈન | ૯૫૪૫૬૯૫૩૨૬ |
| રોનક રાજેશ બાવીસી | ૨૧-૧૨-૧૯૯૨ | ૫'૩'' | બીએફએમ, એમ.કોમ | બિઝનેસ | દશા.સ્થા.જૈન | ૯૮૨૦૪૯૭૧૮૮ |
| સારથી સુરેશ વોરા | ૨૭-૦૬-૧૯૯૪ | ૫'૧'' | બી.કોમ | - | સ્થાનકવાસી જૈન | ૯૭૫૭૦૯૯૭૦૯ |
| ચિરાગ પી. અગોલા | ૦૫-૧૧-૧૯૮૭ | ૫'૫'' | ડીપ્લો.મેકેનીકલ એન્જીનીયરીંગ | બિઝનેસ | હિન્દુ કડવા કણબી | ૯૩૨૭૨૭૮૯૧૦ |
| પ્રતિક પ્રશાંત દોશી | ૩૧-૦૫-૧૯૮૨ | ૫'૩'' | બી.કોમ | સર્વિસ | શ્વે.દશા.જૈન | ૮૧૪૧૪૧૮૧૫૩ |
| ક્રિતેશ સુરેશ વોરા | ૧૯-૦૧-૧૯૯૨ | ૫'૮'' | બી.કોમ | બિઝનેસ | સ્થાનકવાસી જૈન | ૯૮૭૦૩૦૩૨૧૧ |
| જતીન રમેશ શાહ | ૦૭-૧૦-૧૯૮૭ | ૫'૭'' | પોસ્ટ ગ્રે.ડીપ્લો. ઈન બી.એમ., બીએસસી | બિઝનેસ | ઘોઘારી વિસા.જૈન | ૯૫૪૫૦૦૯૦૦૦ |
| રુપાંગ ભરત શાહ | ૨૪-૦૬-૧૯૮૬ | ૫'૮'' | એમ.ટેક એન્જીનીયર | સર્વિસ | જૈન | ૭૫૭૪૮૩૪૧૧૨ |
| હાર્દિક ભરતકુમાર શાહ | ૧૬-૧૨-૧૯૮૯ | ૫'૯'' | બીઈ ઈલે.કોમ્યુનિકેશન | સર્વિસ | વિશા.સ્થા.જૈન | ૯૦૩૩૧૪૪૭૨૮ |
| વિક્રમ કિર્તીકુમાર ગાઠાણી | ૨૦-૦૧-૧૯૮૬ | ૫'૭'' | બી.કોમ, ડીપ્લો ઈન ઓપ્ટોમેટ્રી | સર્વિસ | દશા.સ્થા.જૈન | ૯૭૦૨૩૫૭૪૫૬ |
| નવલ રમેશ રૈયાણી | ૧૦-૦૧-૧૯૯૧ | ૫'૫'' | - | બિઝનેસ | - | ૯૮૭૯૩૮૧૫૪૦ |
| જીગીશ હર્ષદ દોશી | ૧૭-૧૧-૧૯૮૫ | ૫'૬'' | બી.કોમ | બિઝનેસ | ઘોઘા.વિશા.જૈન | ૯૮૨૦૮૨૧૦૮૯ |
| ચીરાગ એલ.બોરડીયા (ડાયવોર્સી) | ૦૩-૦૪-૧૯૮૧ | ૫'૯'' | બી.કોમ | સર્વિસ | ઝાલા.દશા.સ્થા.જૈન | ૯૮૬૯૩૦૧૪૭૨ |
| કેવીન જીતેન્દ્ર શાહ | ૦૪-૦૫-૧૯૮૭ | ૫'૬'' | બી.કોમ | સર્વિસ | દેરાવાસી જૈન | ૯૩૨૦૧૪૫૮૩૦ |
| પ્રિતેષ મહેન્દ્ર હીરપરા | ૦૨-૦૮-૧૯૯૨ | ૬'૧'' | એમ.કોમ | સર્વિસ | હિંદુ લેઉવા પટેલ | ૯૮૨૪૮૫૩૪૭૬ |
| | | | યુવતીઓ | | | |
| કોમલ ખેતાણી | ૨૩-૧૨-૧૯૯૧ | ૫'૧'' | બી.કોમ, એમ.કોમ | સર્વિસ | દશા.સ્થા.જૈન | ૯૮૬૭૧૭૯૮૭૧ |
| શ્વેતા શૈલેષ મહેતા | ૨૬-૧૦-૧૯૯૩ | ૫'૩'' | બી.એમ.એમ. | બિઝનેસ | સોરઠ વિશા.દેરા.જૈન | ૯૮૨૧૩૨૭૫૨૭ |
| ડૉ.કરિશ્મા સુરેશ શાહ | ૨૪-૧૨-૧૯૮૮ | ૫'૧'' | એમબીબીએસ | સર્વિસ | - | ૯૨૨૬૧૨૨૨૮૪ |
| કિંજલ રમેશ ગોસલીયા | ૧૮-૧૨-૧૯૮૬ | ૫'૬'' | બીએસસી, બી.કોમ વગેરે | બિઝનેસ | ઝાલા.દશા.સ્થા.જૈન | ૯૪૨૮૮૧૨૨૫૭ |
| પૂજા હરેશ સખપારા (વિધવા) | ૧૩-૦૯-૧૯૮૦ | ૫'૪'' | એફ.વાય.બી.એ. | - | દશા.સ્થા.જૈન | ૯૩૨૦૪૩૯૦૧૧ |
| જાનવી નલીન બજરીયા | ૦૯-૧૧-૧૯૯૪ | ૫'૧'' | એમબીએસ, બી.કોમ | સર્વિસ | દશા.સ્થા.જૈન | ૯૩૨૪૪૮૧૭૨૨ |
| પૂજા શૈલેષ ઘાટલીયા | ૦૧-૧૧-૧૯૯૪ | ૫'૧'' | બી.કોમ, ડીપ્લોમા | - | દશા.સ્થા.જૈન | ૯૩૨૪૧૧૫૦૭૮ |
| સહેલી સુરેશ વોરા | ૨૭-૦૬-૧૯૯૪ | ૪'૯'' | એસએસસી | - | સ્થાનકવાસી જૈન | ૯૭૫૭૦૯૯૭૦૯ |
| શ્રદ્ધા કમલેશ શાહ | ૦૨-૦૭-૧૯૯૧ | ૫'૨'' | ઈલે. અને ટેલી. એન્જીનીયરીંગ | સર્વિસ | શ્વે.મૂ.પૂ.દેરાવાસી જૈન | ૯૮૯૨૫૫૨૫૮૨ |
| દિપલ ધર્મેન્દ્ર શાહ (ડાયવોર્સી) | ૦૪-૦૧-૧૯૯૦ | ૫'૫'' | બીએસસી, ડાયટીશીયન | - | - | ૯૬૬૪૩૯૭૦૭૭ |

**લગ્ન ઈચ્છુક યુવક/યુવતીઓના બાયોડેટા કોઈપણ પ્રકારની જ્ઞાતિ ધર્મના બાધ વગર કોઈપણ પ્રકારના ચાર્જ લીધા પ્રકાશિત કરવામાં આવશે તમામ વિગતો ફક્ત ઈમેલ દ્વારા મોકલવી - voiceofghatkopar@gmail.com**

# આજની લેટેસ્ટ ફેશન માટે પ્રખ્યાત ભાનુ ડિઝાઈનર સ્ટુડિયોના હિતેશ ભાનુશાલી







## મળવા જેવા માણસ...



- દિલાવર નાઈકવાડી
Mo.: 9322237670
લેખન - અલ્પા દિલાવર

કહે છે કે, 'મહેનત કરનેવાલો કી હાર નહીં હોતી... મહેનત રંગ લાવે જ છે, વહેલી અથવા તો મોડી...' 'કોશિશ આખરી સાંસ તક કરની ચાહિએ, યા તો 'લક્ષ્ય' પ્રાપ્ત હોગા યા 'અનુભવ.'

ડ્રેસની ડિઝાઈન, ફેશન રોજે-રોજ નીત નવી આવે છે. આજની ડિઝાઈન કાલે જૂની. આ અત્યારના જમાનાનું સ્ટેટમેન્ટ છે. જેના પર ચાલવું ઘણું કઠીન છે, તે છતા આ કઠીન રસ્તા પર લોકોને આજના સમયની લેટેસ્ટ ફેશન આપવા કટીબદ્ધ થયેલ વિશેષ વ્યક્તિત્વને મળીએ... આજના મળવા જેવા માણસ હિતેશ ભાનુશાલીને.

ભાનુશાલી સમાજના કચ્છના હમીરપર ગામના શ્રીમતી શાંતિબેન શંભુરામ ભાનુશાલીના નાના દીકરા હિતેશ ભાનુશાલી. ઘાટકોપર વેસ્ટ માણેકલાલ એસ્ટેટમાં વર્ષોથી રહેતા, એથનીક વેર, સુટ, શેરવાની (જોધપુરી, ઈન્ડો વેસ્ટર્ન) આવા બધા જ પ્રકારના એથનીક જેન્ટસવેરનું કામકાજ ધરાવે છે, ભાનુ ડિઝાઈનર સ્ટુડિયો જે વેચાતા તથા રેન્ટલ બેઝીઝ પર સૂટ બનાવી આપે છે. છેલ્લા ૧૫ વર્ષમાં આ કામમાં હિતેશ ભાનુશાલીએ ખુબ નામના મેળવી છે. તેમના ભાનુ ડિઝાઈનર સ્ટુડિયોનું ઉદ્‌ઘાટન તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા ફેમ સિરિયલના જૂના ડોક્ટર હાથી એટલે કે સ્વ.કવિકુમાર આઝાદ એ કર્યું હતું.

હિતેશ ભાનુશાલી ફેશન શોમાં મેલ મોડલને પોતાના સ્ટુડિયોના કોસ્ચ્યુમ્સ આપે છે. પોતે તેમાં પાર્ટનર તરીકે ભાગ લે છે. જીતનાર મોડલ્સને પોતાના તરફથી ઈનામો પણ આપે છે. હમણાં ૩૧મી ડિસેમ્બરના એન.ડી.સ્ટુડિયોમાં સ્ટેજ પરના દરેક મેલ મોડલ્સને ભાનુ સ્ટુડિયોના કોસ્ચ્યુમ્સ પહેરાવવામાં આવ્યા હતા અને ઈનામોની વર્ષા પણ થઈ હતી. તેમના આવા મોટા ફેશન શો ત્રણ થઈ ગયા છે અને હજી મોટા પાયા પર બીજા થવાના છે. હિતેશ ભાનુશાલીએ પહેલો ફેશન શૉ કરેલો ત્યારે તેમના ભાનુ સ્ટુડિયોના આઉટફીટ્સ બધાને ખૂબ જ પસંદ આવી ગયા હતા ત્યાંથી પછી તેમને ઘણા ઓર્ડરો મળવા લાગ્યા. ભારતના ખૂણે-ખૂણેથી પોતાના સૂટ, શેરવાની કરાવવા બધા ભાનુ સ્ટુડિયો આવે છે. ઓનલાઈન પણ ઘણા ઓર્ડરો આવે છે. તેમના રેગ્યુલર કસ્ટમર્સ ત્રણ હજારથી પણ વધારે છે. ગુજરાતથી વધારે કસ્ટમર્સ આવે છે. તેમના પાંચ કારખાના ચાલે છે.

હિતેશભાઈ મેન્સ મોડલ માટે પોતાના ડિઝાઈન કરેલા આઉટફીટ પહેરાવીને, ફોટો શૂટ કરાવીને પોર્ટફોલીયો બનાવીને આપે છે. ઘણા નામી, મોટા મોડલ્સ, ટી.વી.સિરિયલના એકટર્સના આઉટફીટ હિતેશ ભાનુશાલીએ બનાવી આપ્યા છે. ડૉ.હાથીને તેઓ ડ્રેસીસ આપતા હતા.

હિતેશ ભાનુશાલી રક્તદાન નિયમિત રીતે કરે છે. દાદરમાં આવેલ સંત ગાડગે આશ્રમમાં કેન્સરના દર્દીઓને પ્રસાદરૂપે જમાડવાનું કાર્ય વિશ્રામ ભાનુશાલી, મનોજભાઈ, દીપકભાઈ, મૂળજીભાઈ અને તેમની ટીમ દર મહિને આયોજન કરે છે. હિતેશ ભાનુશાલી પોતાની રીતે જરૂરિયાતમંદ દર્દીઓને ખૂબ જ મદદ કરે છે. પોતે ખૂબ જ ધાર્મિક વૃત્તિ ધરાવે છે. તેઓને તેમના કુળદેવી આશાપુરા માઁ પર ખૂબજ શ્રધ્ધા છે. ક્રિકેટના ખૂબજ શોખીન છે, હજી પણ રમવા જાય છે.

તેમના પર માતા-પિતાના ખૂબજ આર્શિવાદ છે. પત્ની દક્ષાનો તેમના કાર્યમાં સાથ સહકાર રહેલો છે. દસ વર્ષનો તેમનો પુત્ર તીર્થ સ્કૂલમાં ભણે છે. ઘાટકોપરમાં ઉચ્ચ કોટીના આવા ડિઝાઈનર જે ભારતભરમાં પ્રખ્યાત બન્યા છે તે દરેક માટે ગૌરવની વાત છે.

# શેઠ ધનજી દેવશી રાષ્ટ્રીયશાળા ગુજરાતી માધ્યમના વાર્ષિક રમતોત્સવની ઉજવણી... (છેલ્લા પાનેથી ચાલુ)



રમતોત્સવનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં રહેલા સુષુપ્તગુણોને ચાલના મળે, ખેલદિલીપૂર્વક હારજીતને સ્વિકારતા શીખે, માનિસક, શારિરીક વિકાસ થાય, તાજગી સાથે સ્ફૂર્તિનો અનુભવ કરે, સૂઝબૂઝથી રમતા શીખે, નિયમિતતા તથા નેતૃત્વના ગુણો ખીલે આ હેતુને લક્ષમાં રાખી, તા.૨ ડિસેમ્બરથી તા.૯ ડિસેમ્બર સુધી ધોરણવાર વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું જેમાં સર્વ વિદ્યાર્થીઓએ સક્રિય ભાગ લીધો.

તા.૨૪ ડિસેમ્બરના 'સ્પોર્ટસ ડે' ના ફાઈનલ સ્પર્ધાઓ રાખવામાં આવી જેમાં દોડ રેસ, લીંબુ ચમચા, ફુગ્ગાફોડ, સોયદોરા, બટાટારેસ, કુદકામારી ચાલવુ, દોરડારેસ, બુકબેલેન્સ જેવી સ્પર્ધાઓમાં સેમી ફાઈનલમાં આવેલ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. ચેમ્પિયનશીપ ગેમ ધોરણ ૮ થી ૧૦ માટે રાખેલ જેમાં ૧૦૦ મીટર દોડ, અવરોધ રેસ તથા ઝીકઝેક રેસ જેવી સ્પર્ધાઓ લેવામાં આવી. ધોરણ ૫ થી ૭ ટીમગેમમાં ખોખોટીમ, લંગડીટીમ પણ લેવામાં આવી ધોરણ દસમામાં રસ્સીખેંચ તથા ફૂટબોલ ટીમગેમના રેફરી તરીકે મુખ્યમહેમાને રહીને ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો.

વિજેતા વિદ્યાર્થીઓને મુખ્યમહેમાનના વરદ હસ્તે ઈનામ તથા ટ્રોફી આપી નવાજવામાં આવ્યા.

ધોરણ ૮ માંની કુમારી વૈભવી મનોજ ઓગાનીયા અને ધોરણ ૧૦ માંનો કુમાર સુનીલ કાળુભાઈ સાખટ પ્રથમ ક્રમાંકે તેમજ ધોરણ ૮ માંનો કુમાર કલ્પેશ કલ્યાણ ખાખોડીયા દ્વિતીય ક્રમાંકે ચેમ્પિયનશીપ ટ્રોફી મેળવે છે.

મુખ્ય મહેમાને પોતાના વક્તવ્યમાં કહ્યું કે, હારજીતનો સામનો ખેલદિલીપૂર્વક કરવો જોઈએ.

શાળાના આચાર્યા શ્રીમતી ઉષાબેન પંડ્યા સાથે શારિરીક શિક્ષણ લેતા અન્ય શિક્ષિકાબહેનો તથા શિક્ષકેતર કર્મચારીના સાથસહકાર તથા માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.

ONE STOP FOR
MEDIA ADVERTISING
GTPC
THE CREATIVE MEDIA HOUSE
Do you have regular Design Needs?? Looking to out source your design? We are happy to announce that now Voice of Ghatkopar has an in-house team of design/content experts to provide a one stop solution to help you to maximize visibility of your advertisement.
GRAPHIC DESIGING
SERVICES
- Logo Designing
- Business Cards
- Letterheads
- Posters/Flyers
- Brochures
- Banners/Roll up
- Social Media Post
- Desk Calendars
- Standees
- Newspaper Ads
Contact Us:
Jatin Kothari : 9869038095 • Divya Rajdev: 9819817833
A-1, Basement, Satyam Shopping Centre, M.G.Road, Ghatkopar(E).

# શેઠ ધનજી દેવશી રાષ્ટ્રીયશાળા ગુજરાતી માધ્યમના વાર્ષિક રમતોત્સવની શાનદાર ઉજવણી






શેઠ ધનજી દેવશી રાષ્ટ્રીયશાળા ગુજરાતી માધ્યમનો વાર્ષિક રમતોત્સવ શનિવાર તાઃ ૨૪/૧૨/૧૯ના રોજ શાળાના ભવ્ય પ્રાંગણમાં જોશ પૂર્વક ઉજવવામાં આવ્યો, મુખ્ય મહેમાન ડો. રાજેશ આર. કટેશિયા જેઓ શારિરીક શિક્ષણ અને સ્પોર્ટસમાં Phd કર્યા બાદ ચત્રભુજ નરસી ઈંટરનેશનલ સ્કૂલમાં શારિરીક શિક્ષણના કો-ઓર્ડીનેટર છે. (અનુસંધાન ૧૫મા પાને)


## હોલસેલ ભાવમાં રિટેલ

ભરપૂર કુદરતી સૌંદર્ય તથા સંસ્કૃતીનો અદ્‌ભૂત સંગમ એટલે યુરોપ


"Tourism" ના ૩૦ વર્ષના અનુભવી Raahie Holidays ના સથવારે ૨૦૨૦ માં માણો ગ્રાન્ડ યુરોપ ટુર શેનજેન ડિલાઈટ ૧૩ રાત્રી / ૧૪ દિવસ (France, Netherland, Belgium, Germany, Switzerland, Liechtenstein, Austria, Italy)

Ex Mumbai - 2,10,000/- per Person (All Inclusive)
Complimentary : Mt. Jungfrau માં પ્રવેશ તથા લન્ચ, Disneyland માં પ્રવેશ

Departure Date : 4th May 2020, 18th May 2020

ટુરની વિશેષતા :-
* All Meals (Breakfast, Lunch & Dinner)
* Pure Veg. & Jain Tour only
* 4 Star Hotel
* World Class Air Lines
* Visa
* All Sight Seeing as per Iternary
* Experienced Gujarati Tour Leader

તા. ૧૦ જાન્યુઆરી સુધીમાં પ્રથમ ૨૦ Bookings ને મળશે સ્પેશીયલ ડિસ્કાઉન્ટ

મહિલા મંડળ, સામાજીક સંસ્થાઓ, યુવા મંડળ ગ્રુપ માટે Special Rates available

RAAHIE HOLIDAYS
Wander. Explore. Discover.

509, Krishna Bhuvan,
Shop No. 7, Off SVP Road,
Opp. Central Bank of India,
Opera House, Mumbai - 400 004. INDIA
Tel. : 022 23807733/44/55
Mobile : 9930923059



SHREEJI
STRUCTURAL REPAIR SOLUTIONS
Civil, Painting & Waterproofing Experts

WE TAKE ALL TYPES OF BUILDING REPAIRS WORK

- Structural & Civil Repairs
- Leakages & Waterproofing Works
- Terrace Waterproofing
- Plumbing Works
- Painting Works

9819949149 / 9223432112



1BHK ON SELL
AT UPCOMING METRO STATION PRIME LOCATION
LBS & Mulund Goregaon Link Road Junction

- CC-OC- Conveyance Society
- Near Dmart • Semi Furnished
- Well Maintained and Clean Society
- Pipeline Gas
- Solar Power Panels in Society
- Ready-To-Move • Lift Power Backup
- Children Play Area & Garden

400 Carpet Rs.1CR

9022279684, 9869038095



પંચગની હવા ફેર
પ્રકૃતિના સાનિધ્યમાં,
સુંદર મનોહર આલ્હાદક વાતાવરણમાં
હવા ફેર કરવા પધારો
શુધ્ધ સાત્વીક ભોજનશાળાની સુવિધા છે.
૩, ૪ અને ૭ દિવસ માટે રૂમ આપવામાં આવે છે.
રાજલક્ષ્મી આરોગ્યધામ
મુંબઈમાં બુકીંગ માટે સંપર્ક : 08879677709
સંપર્ક માટે સોમવારથી શુક્રવાર બપોરે 1 થી 4


Printed & Published by **Jayant Visanji Chheda,** Owned & Edited by **Jatin Jitendra Kothari** and Printed at : **MID DAY Infomedia Limited.,** R/843/3, TTC Industrial Area, MIDC Rabale, Navi Mumbai - 400 701. and Published at 601, Abhinandan Apt., Sarvodaya Nagar, Mulund (West), Mumbai - 400 080. • **E-mail : voiceofghatkopar@gmail.com • RNI : MAHGUJ/2008/28113**